કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે • સળંગ અંક : ૧૨૩ • જુલાઈ ૨૦૧૩



## गुरु पूर्णिमा

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧












શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આયોજીત ઋષિકેશમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ



# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૧૧ ● અંક : ૧૨૩**

**જુલાઈ-૨૦૧૭**

**(મૂળ વર્ષ ૪૯)**





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા



| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પ્રેમાનંદ સ્વામીનો પ્રાદુર્ભાવ | ૦૬ |
| ૦૪. | હે હરિકૃષ્ણ ભગવાન તમારા દર્શન આપો | ૦૯ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શ્રીમુખેથી દિશા સૂચક આશીર્વચન | ૧૧ |
| ૦૬ | “સુખી હું આજ દર્શને” | ૧૪ |
| ૦૭. | અંતિમ ધ્યેય | ૧૬ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૮ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૦ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૨ |
| ૧૧. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૭ |

# अस्मदीयम्

"અને એવા સર્વોપરી જે પુરૂષોત્તમ ભગવાન તેજ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વજનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે તે તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરૂષોતમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એકજ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરૂષોતમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે. ઈશ્વરના પણ ઈશ્વર છે. ને સર્વ કારણના પણ કારણ છે. ને સર્વોપરી વર્તે છે. ને સર્વ અવતારના અવતારી છે. સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે, અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજાવા યોગ્ય છે." (ગ.અં. ૩૮)

આપણી સમજણમાં કાંઈ કચાશ કે ભૂલ હોય તો આ વચનામૃત વાંચીને સુધારી લેવી. ઈશ્વરના પણ ઈશ્વર એવા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને મળ્યા છે. તે નાની સૂની વાત નથી. જેથી આપણા ઈષ્ટદેવને ભજીને તેનો મહિમા માહાત્મય સમજીને મોક્ષ અને કલ્યાણ સાધી લેવો. હવે ફરી ફરી આવો અવસર મળવાનો નથી તે નિશ્ચે વાત છે. તે જરૂર સમજી રાખવું.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ (જૂન-૨૦૧૭)



૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરવા (પંચમહાલ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અક્ષરભુવન નવનિર્મિત નિમિત્તે આયોજીત ''શ્રી ઘનશ્યામ મહોત્સવ''માં ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાથે રહી ઉત્સવની પૂર્ણાહુતિની આરતી ઉતારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.



૯-૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર દહીંસરા (કચ્છ) પાટોત્સવ કથા પ્રસંગે પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ.ભ. જીતેન્દ્રભાઈ એમ. ચોકસી આયોજીત કથાની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. સંત મહા દીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૦થી ૨૭ અમેરિકા આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોમાં ધર્મપ્રવાસે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની

(જૂન-૨૦૧૭)

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી ઘનશ્યામ મહોત્સવ પ્રસંગે જાંબુડા લીલાની આરતી ઉતારવા પધરામણી.

૪ શ્રી ઘનશ્યામ મહોત્સવ પ્રસંગે અક્ષર ભુવન પોતાના વરદ્ હસ્તે દર્શનાર્થે ખુલ્લું મૂક્યું.

૨૫ પ.ભ. કૌશિકભાઈ જોશીને ત્યાં પધરામણી, બોપલ.

# પ્રેમાનંદ સ્વામીનો પ્રાદુર્ભાવ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



પ્રેમ સખી સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીની ૩૭ પેઢી પહેલાં પૂર્વજો મોઢેરા ગામે વસતા હતા. ત્યાંથી ૨૦ પેઢી પહેલાના પૂર્વજો જેખલો ગામે આવીને વસ્યા હતા. ત્યાંથી ૧૫ પેઢી પહેલાના હાથીજણ ગામે આવીને વસ્યાં. ત્યાંથી ૮ પેઢી પહેલાના પૂર્વજો સાણંદ-વિરમગામની વચ્ચે નળકંઠા વિસ્તારમાં ઓગણ (સચાણા પાસે) ગામે આવીને વસ્યા. એટલે તેઓની અટક જેખલોજીયા જાની તરીકે ઓળખાવા લાગ્યાં. ૩૭ પેઢીઓ પહેલાં મૂળ ગામ મોઢેરા હોવાથી કુળદેવી - મોઢેશ્વરી દેવી, ગોત્ર - વત્સ, અટક - જાની (જેખલોજીયા), વેદ - યજુર્વેદ. શાખા - મૈત્રેય, પ્રવર - પંચ ભૃગુ ચ્યવન અલ્પવાન ઔરવહ્મદગ્નિ. પ્રશાખા - જાની (મોઢ) નૈવેદ્ય - મહાસુદ-૮.

ઓગણ ગામે પચીસ ગામના પુરોહિત પદે વેદપુરુષ પંડિત દુર્લભરામ આશારામ જાની નિવાસ કરીને રહેતા હતા. જેઓએ કાશીમાં રહીને વેદ શાસ્ત્રોનો અભ્યાસ કરીને સારી કીર્તિ અને રાજા મહારાજા દ્વારા માન સન્માન મેળવ્યું હતું. પવિત્ર જીવન, યજમાનોને પૂર્ણ સંતોષનારા સંતોષી બ્રાહ્મણ હતા. તેમના વચનમાં મોટા મોટા પંડિતો વિશ્વાસ રાખતા. પોતે શૈવ પરંપરાના ઉપાસક હોવા છતાં સાકાર મતમાં વિશ્વાસ ધરાવતા હતા. તેમના દ્વારા તે પંથકમાં અનેક પ્રકારના મહાયજ્ઞો પાઠ પુરઃશ્ચરણ અખંડ થયા કરતા.

તેઓના પવિત્ર પરિવારમાં મોતીરામ અને શિવરામ નામે પુત્રો અને ઈચ્છાબા, કાશીબા નામે પુત્રીઓ હતી. તેમાંના મોતીરામ જાનીમાં પિતાના સ્વભાવ - સંસ્કાર સવાયા ઉતરી આવ્યા હતા. તેઓનો જન્મ વિક્રમ સંવત ૧૭૯૦ માં થયો હતો. મોતીરામ જાનીનાં લગ્ન ગામ બલોલના આત્મારામ ભટ્ટનાં દીકરી રામબાની સાથે થયાં હતા. પિતા દુર્લભરામની સારાય પંથકમાં ખૂબજ સારી નામના હતી. પિતા પાસેથી વેદાભ્યાસ કરી સરસ્વતી દેવીના કૃપાપાત્ર બન્યા હતા.

મોતીરામ જાનીને પત્ની રામબા થકી ત્રણ પુત્રો થયા. આદિત્યરામ, સૂરજરામ, શિવરામ (આદિત્યરામ એજ પ્રેમાનંદ સ્વામીના પિતાશ્રી) આદિત્યરામ જાનીનો જન્મ વિક્રમ સંવત ૧૮૧૮ માં થયો હતો. તેઓનાં લગ્ન ગામ શિહોલીના પરસોતમ ઝવેરરામનાં દીકરી રામુબાની સાથે થયાં હતા. એટલે આદિત્યરામના માતુશ્રીનું નામ અને પત્નીનું નામ એકજ હતું. માતુશ્રીનું પિયર બલોલ હતું અને પત્નીનું પિયર શિહોલી હતું.

આદિત્યરામ મોતીરામ જાનીને પત્ની રામુબા થકી વિક્રમ સંવત ૧૮૪૬ ના વર્ષમાં અક્ષરધામના અનાદિમુક્તરાજ પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીનો પ્રાદુર્ભાવ થયો.

સ્વામીના જન્મ સમયે પિતાશ્રી આદિત્યરામ જાની મૂળ વતન ઓગાણગામથી અમદાવાદમાં ખાડીયાગેટ પાસે આવેલી જળોવાળી પોળમાં રહેવા આવી ગયા હતા. આદિત્ય રામના પ્રથમ પુત્ર તરીકે સેવકરામ નામે હતા

અને બીજા પુત્ર તરીકે મહાપુરુષ સંત વિભૂતિ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી પ્રગટ થયા. જન્મ સ્થળ, જળોવાળી પોળ ખાડીયા ગેટ. સ્વામીના જન્મથી છઠ્ઠા દિવસે પુત્રનું નામ - ''રાજારામ'' રાખ્યું. કાંટામાં ફૂલો આવે અને કાદવમાં કમળ ખીલે એ ન્યાયે આદિત્યરામ જાનીને પ્રારબ્ધમાં પ્રેમાનંદ સ્વામી જેવા પુત્રની પ્રાપ્તિ સાથે સાથે અનેક પ્રકારની પનોતીઓ પણ વિધિએ લેખમાં લખેલી હતી. તેઓ જ્યોતિષ શાસ્ત્રના મહાન પંડિત હતા. પુત્ર ''રાજારામ'' (પ્રેમાનંદ સ્વામી)ની જન્મ પત્રિકા પોતે બનાવીને નારાજ થઈ ગયા અને પુત્રના જન્મનો આનંદ ઉદ્વેગમાં બદલાઈ ગયો. પુત્રના જન્મ કુંડળીના યોગ ફળાદેશ કહેવા માગે છે કે, જેમાં માતાપિતાના માથે મોટું સંકટ આવી શકે છે.

ધાર્યું ધણીનું જ થાય એ મત ને અનુસરીને પિતા અદિત્યરામ દિવસો વિતાવવા લાગ્યા. એવામાં પત્ની રામુબા નાના રાજારામના જન્મના છ માસમાં જ અચાનક દેવલોક પામ્યા. તેથી આદિત્યરામના માથે બાળકને મોટો કરવાનો પડકાર અને વળી જન્મ પત્રિકાના વિપરિત અને યોગના લક્ષણો થી ભયભીત થઈ માનસિક સમતુલા ગુમાવી બેઠા. તેમજ આડોશી પાડોશીએ ડરાવી ડરાવીને અગ્નિમાં ઘી હોમવાનું કામ કર્યું.

એકવાર વહેલી પરોઢીયે છાનામાના કોઈ ન જુવે તે રીતે છ મહિનાના પુત્ર રાજારામ (પ્રેમાનંદ સ્વામી)ને કપડામાં વીંટીને નિર્દય બાપ આદિત્યરામ જાની દરિયાખાન ધુમ્મટ પાસે આવેલી દરિયાખાનની મસ્જીદના દરવાજે મુકીને ચૂપચાપ ઘરે પરત આવી ગયા. અને સગા સંબંધી આડોશી પાડોશીમાં પુત્રના અવસાનની જાહેરાત કરીને ત્રણ દિવસ શોક પાળી ઉત્તરકાર્ય પણ કરી લીધું.

દરિયાખાનના ઘુમ્મટમાં અસંખ્ય ભૂતો રહેતાં હતાં અને તે ભયભીત જગ્યામાં રાત્રીના સમયે કોઈ વ્યક્તિ જાય તો પાછો જીવતો ન આવે. પણ જેને રામ રાખે તેને કોણ ચાખે.

પ્રેમાનંદ સ્વામીના જીવનમાં નવો ઈતિહાસ સર્જાય છે. જેના કારણે સ્વામીને કેટલાક લોકો સત્સંગમાં શંકાની નજરે જોતા હતા.

તે દિવસે અમદાવાદમાં ખાડિયા પાસે હરણવાળી પોળમાં ડોશાતાઈ નામે ખૂબજ પુણ્યશાળી અલ્લાના ઉપાસક પવિત્ર સત્યવાદી સદાચારી નીતિવાળા મુસ્લિમ બિરાદર રહેતા હતા. તેમને બે પત્નીઓ હતી પરંતુ તેઓને એકપણ સંતાન ન હતું. તેઓ નિત્ય વહેલી સવારે દરિયાખાન મસ્જીદમાં નમાજ અદા કરવા જાય અને ખુદા પાસે ખુદાના દીકરા જેવા દીકરાની માગણી કરતા. એમ કરતાં ઘણાં વર્ષ વીતી ગયા. ડોસાતાઈની ધીરજ ખૂટવા આવી. એવામાં એક દિવસ જે આદિત્યરામને શોક હતો તે દિવસ ડોસાતાઈને સૂર્ય ઉદય થયો. એમના માટે સોનાનો સૂરજ ઉગ્યો હતો. જે દરિયાખાનની મસ્જીદે જતાં જતાં મનમાં ઘાટ થયો કે આજે તો ખુદાને કહેવું છે હવે પછી તું તારા જેવો દીકરો આપ નહિ તો મને તારી પાસે લઈ લે. એવા વિચારોમાં ગૂંચવાયેલા ડોસાતાઈએ મસ્જીદના દરવાજે પગ મુક્યો તો કપડામાં વિંટાયેલું હસતું હસતું ફુલ જેવું બાળક નજરે જોયું.

બસ નક્કી કરી લીધું કે ખુદાએ આજ મારી મનોકામના પુરી કરી દીધી. મને ખુદાએ દીકરો આપ્યો. મુખપર અપાર તેજ જોઈ નક્કી કર્યું કે જેવું મેં માંગ્યુ તેવુંજ મળ્યું. ખુદાને લાખ લાખ વંદન કરી દીકરાને લઈને હરણવાળી પોળમાં ઘરે આવ્યા અને જાહેર કર્યું કે મને ખુદાએ દીકરો આપ્યો છે. જેનું નામ રાખ્યું ''ખુદાતાઈ'' ખુદાનો દીકરો ને ખુદાએ આપેલો.

પ્રેમાનંદ સ્વામી રાજારામ જાનીમાંથી ખુદાતાઈ તરીકે ઓળખાવા લાગ્યા. પરંતુ આ ગોપનીય વાત ડોશાતાઈ અને ખુદા વિના કોઈ જાણતું નથી. અક્ષરધામના કીર્તનકાર ગવૈયા અક્ષરધામના મુક્ત બચપનથી જ સ્વયંભૂ સૂર અને તાલમાં કીર્તનો ભજનો પદ્યો ગાતા. ઘોડીયામાં સૂતા સૂતા ચરણ વડે સૂરતાલ લયબધ્ધ પોતાની નિજાનંદ મસ્તીમાં સૂરાવલી કાલીઘેલી ભાષામાં ગાતા. ભગવાન જેમ જ્યાં જેવી રીતે રાખે ત્યાં રહેવું એજ ધર્મમાની ખુદાતાઈ મોટા થવા લાગ્યા.

જન્મથી સંગીતમાં રૂચિ હોવાથી પાલક પિતા ડોશાતાઈએ સાત વર્ષ સુધી વડોદરામાં સંગીત વિદ્યા ભણાવી તૈયાર કર્યા. જન્મ દાતા આદિત્યરામ જાનીએ બારોટના ચોપડે લખાવી દીધું કે પુત્ર રાજારામનું છ મહિનાની વયે અવસાન થયું છે. જ્યારથી પુત્રનો ત્યાગ કર્યો ત્યારથી પિતા આદિત્યરામે ક્યારેય સુખનો છાંટો જોયો નહિ. કર્મના લેખ પર મેખ મારે એવા ચિંતામણી જેવા પુત્રને ગુમાવનાર બાપને પ્રારબ્ધે સાથ આપ્યો નહિ.

ડોશાતાઈ વ્યવસાયે ધાણી ગરમ ગરમ શેકીને વેચવાનો ધંધો કરતા હતા. જ્યાં મેળાઓ, મહોત્સવોમાં માણસ સમુદાય ભેગો થતો હોય ત્યાં જઈને ધાણી બનાવીને વેચીને ગુજરાન ચલાવતા.

સર્વાવાતરીશ્રી સ્વામિનારાયણ ભગવાને જેતલપુરમાં સં. ૧૮૬૧ માં ૧૮ દિવસનો પ્રથમ અહિંસક મહાવિષ્ણુયાગ કર્યો ત્યારે ૧૮ હજાર બ્રાહ્મણો સહિત લાખો લોકો આવ્યા હતા. દસ ગાઉના વિસ્તારમાં માણસ સમુદાય ઉભરાયો હતો. તે સમયે ડોસાતાઈ ધાણી વેચવા પુત્ર ખુદાતાઈને લઈને આવ્યા હતા. ૧૮-૨૦ વર્ષની ઉંમરના પુત્રના હાથમાં રાવણ હથો (વાયોલીયન) વાજિંત્ર લઈને રાગ આલાપ કરે તેને સાંભળવા લોકો ભેગા થતા તેના કારણે ભરપૂર ધાણી વેચાતી.

શ્રીહરિ યજ્ઞમાંથી ગંગામાને ઘેર થાળ જમવા પધારી રહ્યા હતા. વચમાં રાવણ હથો (વાયોલીયન)ના સ્વરમાં અક્ષરધામની કક્ષાનું ઉત્તમ સંગીત સાંભળી શ્રીહરિ થોડીવાર ઉભા રહી ગયા અને બાપ-બેટાની સામું જોઈને કહ્યું કે દીકરો તમારો ખુદાને ગમે એવું સંગીત વગાડે છે. દીકરો તો ખુદાનો દીધેલો છે ને ? આટલુંજ શ્રીહરિનું વચન સાંભળીને અત્યંત ગોપનીય વાત ખુદા અને ડોશાતાઈ વિના કોઈને ખબર નથી કે ખુદાતાઈ દીકરો ખુદાએ મસ્જીદના દરવાજેથી આપ્યો છે. ડોશાતાઈએ શ્રીહરિને સાક્ષાત્ ખુદા જાણી પગમાં પડ્યા અને ૧૮ વર્ષના દીકરાનો હાથ શ્રીહરિના હાથમાં આપી દીધો.

''ખુદાનો દીકરો ખુદા રાખે.'' એમ કહી નદી સાગરમાં ભળી જાય એમ ખુદાતાઈ - શ્રીહરિના શરણે ચરણે રહ્યા અને એજ મહાપુરુષ અવબોધાનંદ નામે સંત બન્યા અને પરમહંસી દીક્ષામાં નામો બદલ્યાં ત્યારે પ્રેમાનંદ બન્યા. જે સંપ્રદાયમાં પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી તરીકે પ્રસિદ્ધ થયા.

આદિત્યરામ જાનીના પુત્ર તરીકે રાજારામ જાની પાલક પિતા ડોશાતાઈના ઘરે ૧૮ વર્ષ ખુદાતાઈ અને ભગવાન સહજાનંદ સ્વામીના શિષ્ય તરીકે પ્રેમાનંદ સ્વામી તરીકે પ્રસિદ્ધ થયા.

શ્રીહરિનો આશ્રય કરી ડોશાતાઈ ખૂબજ સારા સત્સંગી થયા. મુસ્લિમ ધર્મ છોડી શ્રીહરિના અનન્ય ઉપાસક બન્યા. તેઓની સ્થિતિ સમાધિનિષ્ઠ હતી. અહીં રહ્યા રહ્યા અક્ષરધામનું વર્ણન કરતા. તેમના યોગમાં જે આવે તેને સત્સંગ કરાવતા. શ્રીજી મહારાજ તેમના ઘેર પાંચસો પરમહંસોની સાથે પધાર્યા હતા. ડોશાતાઈને સંપ્રદાયમાં અગ્રગણ્ય ''ભક્તમાલા ચરિત્રો''માં તેઓના યશને સંતોએ ગાયા છે.

પ્રેમના દરિયા જેવા સંત પ્રેમાનંદ સ્વામીની અટપટી જીવનલીલામાં ઘણાય ઘાટ સંકલ્પો શંકાઓ થતી પરંતુ શ્રીજી મહારાજના આજીવન થાળની પ્રસાદી જમ્યા અને શ્રીહરિએ થાળની પ્રસાદી આપવાના હેતુથી પ્રાગટ્ય અને પાલન અવસ્થાનો અટપટો માર્ગ સ્વેચ્છાએ પસંદ કર્યો હોય એવું જણાય છે.

પ્રેમાનંદ સ્વામીના પ્રાગટ્યની કથા વિષે લેખકોમાં ઘણા મતમતાતંર જોવા મળે છે. એટલે સાચી માહિતીના આધારે સંશોધન કરતાં અમદાવાદમાં નાગર બ્રાહ્મણોના ચોપડે હાલમાં દિલ્હી દરવાજા પાસે પરબડીની પોળમાં રહેતાં હસુમતીબેન બારોટના સંગ્રાહલયમાંથી આ પ્રકારની માહિતી સ્વામીની ૩૭ પેઢીઓનો ચોપડો જોવા મળ્યો તેમાંથી મેળવીને ઉપરોક્ત ઈતિહાસ લખ્યો છે. આ સંકલન માટે ઉનાવાના એડવોકેટ પ.ભ. અશોકભાઈ મહેતા સાહેબ જેઓએ સ્વામીના પૂર્વાશ્રમનું ઘર અને કુટુંબના વંશજોમાં જળોવાળી પોળમાં રહેતા એકસો વર્ષના મણીકાકાએ આ ઈતિહાસની શતપ્રતિશત પુષ્ટિ કરી છે.

શ્રીજી મહારાજે સંપ્રદાયનું પ્રથમ મંદિર અમદાવાદમાં કરીને શ્રી નરનારાયણદેવ પધરાવ્યા ત્યારે સભામાં આદિત્યરામ જાની આવ્યા હતા અને શ્રીજી મહારાજે પ્રેમાનંદ સ્વામીનો પરિચય કરાવી બચપનની દરિયાખાન મસ્જીદની ઘટના યાદ કરાવીને સ્વામીના જમણા હાથમાં ધજાનું પ્રતિક હતું તેની નિશાની બાપને બતાવી હતી.

તે સમયે આદિત્યરામ જાનીએ સંત દીક્ષા લેવાની પ્રાર્થના કરી તો શ્રીહરિ કહે મા-બાપ તો કૃતાર્થ થયા છે જેમના ઘેર જેને ભગવાનની અખંડ સ્મૃતિ રહેતી હોય તેવા સંતનો જન્મ થયો છે.

આદિત્યરામે શેષ જીવનમાં શ્રીહરિનું ભજન કરી જીવન વ્યતિત કર્યું હતું અને નિત્ય મંદિરે દર્શન કરવા આવતા.

પ્રેમાનંદ સ્વામી સંતોની પંગતમાં જમતા નહિ એટલે શ્રીહરિ થાળની પ્રસાદી નિત્ય યાદ કરીને તેમને આપતા.

શ્રી સ્વામિનારાયણ

# હે હરિકૃષ્ણ ભગવાન તમારા દર્શન આપો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)



॥ मञ्जुभाषिणीवृत्तम् ॥

सुरराजराज तव दर्शनं विना भगवन्नपि क्षणलवो युगायते ।
तपतां मनीषियतीनां च दुर्लभं हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥१॥
करुणानिधे कुरु कृपां सतांपते भवतो विनाशमपि संविषायते ॥
दहनायते निशि निशाकरोऽपि मे हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥२॥
मम मानसं तव वियोगपाकः परितापयत्यपि परं रमापते ॥
सुतरामसौ दहति मे तनूलतां हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥३॥
प्रियनाथ नाथ तव वीक्षणं विना कमनीयरूपमपि कुष्ठसन्निभम् ॥
रमणीयहर्म्यमपि कटोरायते हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥४॥
भवदीयवीक्षणामृते दयानिधे मरणायते जगति जीवनं मम ॥
श्रवणीयगीतमपि मे शरायते हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥५॥
अमृतादपूर्वमपि चाधिकं हरे चरितं त्वदीयमतिशान्तिदं सदा ॥
न तथापि मे भवति शान्तये भृशं हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥६॥
जगतामधिशं ममदर्शितं पुरा चरितं त्वया त्रिजगतां च पावनम् ॥
हृदि में यदास्मरति तन्न शान्तये हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥७॥
विधिशंभुशेषमुनिभिश्च गीयते चरितं शुभं तदपि दर्शनायते ॥
तव ते भजन्ति सुतनुं सुमंगलां हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥८॥
इति कृष्णवियोगिनाऽमनिशं भजतां प्रेमजनेन भाषितम् ॥
विरहाष्टकमादरादिदं पठतामाशुं तनोतुं मंगलम् ॥९॥
॥ इति योगानन्दमुनिविरचितं श्रीहरिकृष्णाष्टकं समाप्तम् ॥

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચસો પરમહંસોમાં જેમ મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ આદિ કવિઓ હતાં, તેમ જ શતાનંદ, વાસુદેવાનંદ, નિત્યાનંદ આદિ સંસ્કૃત ભાષાના વિદ્વાનો હતાં. તેમણે શ્રીહરિની આજ્ઞાથી સંસ્કૃત ભાષામાં સત્શાસ્ત્રોની રચના કરી છે. તેવી જ રીતે કવિઓ ગુજરાતી ભાષામાં કીર્તનોના પદો રચીને મહારાજને રાજી કરતાં. તેમજ આ સંસ્કૃતના વિદ્વાનો મહારાજને સંસ્કૃત ભાષામાં સ્તોત્રો રચિને ગાઈને સંભળાવીને અતિ પ્રસન્ન કરતાં અને તે સાંભળીને શ્રીહરિ વિશેષ રાજી થતાં. કારણ કે આ અષ્ટકોમાં શુદ્ધ સર્વોપરી પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિની જ ઉપાસનાં ભક્તિ અને આરાધના કોઈ પણ પ્રકારના ભય વિના નિર્ભયતાથી પ્રગટ થતી હતી. તેવી જ નિર્ભયતાથી આ અષ્ટકમાં વર્ણિરાજ યોગાનંદ મુનિ શ્રીહરિનાં દર્શન વિના પોતાને કેવી વ્યાકુળતા છે તે મુઝ્જુભાષણી નામના સંસ્કૃત છન્દમાં વર્ણવે છે. જે પ્રિયતમના વિયોગને તાદ્રશ્ય કરે છે. તેમના આ ભાવને અને શ્રીહરિના સ્વરૂપનાં દર્શનની તેમના હૃદયમાં કેવી ઉત્કૃષ્ટ તીવ્રતા છે તે સમજવાનો તેમના સંસ્કૃત શબ્દોના અર્થ જાણીને પ્રયત્ન કરીએ.

सुरराजराज तव दर्शनं विना भगवन्नपि क्षणलवो युगायते ।
तपतां मनीषियतीनां च दुर्लभं हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥१॥

યોગાનંદ મુનિ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના કરતાં અતિ પ્રેમ મગ્ન થઈને કહે છે - હે ત્રિલોકીના રાજા ઈન્દ્રાદિ દેવોના પણ રાજાધિરાજ શ્રીહરિ તમારા દર્શન કર્યા વિનાનો એક એક ક્ષણ જાણે મોટા યુગ જેવડો લાંબો લાગે છે. મૌન વ્રતધારી યતિઓ સંન્યાસીઓ કઠોર તપશ્ચર્યા કરનારાઓને પણ જે તમારા સ્વરૂપનાં દર્શન દુર્લભ છે. એવા હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૧)

करुणानिधे कुरु कृपां सतांपते भवतो विनाशमपि संविषायते ॥
दहनायते निशि निशाकरोऽपि मे हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥२॥

હે કરૂણાના સાગર શ્રીહરિ મારા જેવા જીવ ઉપર કૃપા કરો. હે સત્પુરૂષોના પતિ શ્રીહરિ તમારા દર્શન વિના આ જગતમાં ઉપકારક અર્થાત કલ્યાણ કારક પણ દુઃખ દાયક

લાગે છે. અને રાત્રીનો શિતળ શાન્ત ચન્દ્રનો પ્રકાશ પણ જાણે તપતા ઉનાળાનો ધગધગતો તડકો હોય તેવો મારા શરીરને દઝાડે છે. હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૨)

मम मानसं तव वियोगपाकः परितापयत्यपि परं रमापते ॥
सुतरामसौ दहति मे तनूलतां हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥३॥

હે પરમેશ્વર શ્રીહરિ તમારા દર્શન વિના વિયોગના તાપથી મારા મનને પણ અતિ પરિતાપ થાય છે કે હવે ક્યારે દર્શન થશે. માટે હે રમાપતિ લક્ષ્મીજીના પતિ પરમાત્મા પુરૂષોત્તમનારાયણ કૃપા કરો. હે શ્રીહરિ હું સત્ય જ કહું છું કે મારૂ સમગ્ર આ ભૌતિક શરીર તમારા વિયોગમાં જેમ પાણી વિના કોમળ વેલાઓ બળી જાય છે તેમ મારૂ શરીર પણ તમારા વિયોગમાં બળીને ભસ્મ થઈ જશે. માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૩)

प्रियनाथ नाथ तव वीक्षणं विना कमनीयरूपमपि कुष्ठसन्निभम् ॥
रमणीयहर्म्यमपि कटोरायते हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥४॥

હે મારા નાથ શ્રીહરિ તમે તો મારા પ્રિયનાથ છો મારા આત્માના પણ પતિ છો. તમારા દર્શન વિના તો સુંદર સ્વરૂપવાન કોઈ રૂપ પણ મને તો જાણે આખુ શરીર કૃષ્ટ રોગી અર્થાત કોઢના રોગ વાળું હોય તેવું જ જણાય છે. અતિ શાંતિ આપવાવાળુ રમણિય પદાર્થ પણ મને તો વિકરાળ રાક્ષસી કોટરા હોય તેવું જ જણાય છે. માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૪)

भवदीयवीक्षणामृते दयानिधे मरणायते जगति जीवनं मम ॥
श्रवणीयगीतमपि मे शरायते हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥५॥

હે પરમાત્મા ભગવાન શ્રીહરિ દયાના સાગર તમારા અમૃત જેવા દર્શનથી આ મારા નાશવંત મરણધર્મા શરીરને પણ કંઈક જગતમાં જીવવા જેવું જો તમારા દર્શન થશે તો લાગશે. એ વિના તો હે ભગવાન આ જગતમાં સાંભળવા જેવા મધુર ગીતો પણ મને તો જાણે મોટા મોટા બાણ કાનમાં વાગતા હોય એવા કઠોર લાગે છે. હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૫)

अमृतादपूर्वमपि चाधिकं हरे चरितं त्वदीयमतिशान्तिदं सदा ॥
न तथापि मे भवति शान्तये भृशं हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥६॥

સાગરમાંથી દેવો અને દાનવો મળીને સમુદ્રમંથન કરીને મેળવેલાં અમરત્વ આપનારા અમૃત કરતાં પણ હે પ્રભુ તમારા ચરિત્રામૃત સદા વધારે શાંતિ આપનારા છે. પરંતુ મને તે તમારા ચરિત્રામૃતની કથામાં પણ તમારા દિવ્ય દર્શન વિના ક્યાંય શાંતિ મળતી નથી. માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૬)

जगतामधिशं ममदर्शितं पुरा चरितं त्वया त्रिजगतां च पावनम् ॥
हृदि में यदास्मरति तन्न शान्तये हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥७॥

હે જગતના અધિપતિ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ શ્રીહરિ મને તમારા દિવ્ય અને ત્રણેય લોકને પાવન કરનારા અદ્ભૂત ચરિત્રોના તમે જ દર્શન પહેલાં કરાવ્યા છે. પરંતુ હું જ્યારે તે દિવ્ય ચરિત્રોનું સ્મરણ કરૂ છું ત્યારે પણ મારા હૃદયમાં તમારા દિવ્ય અને પ્રત્યક્ષ દર્શન થાય ને જેવી શાંતિ મળે તેવી પરમ શાંતિ મળતી નથી. એટલા જ માટે હે હરિકૃષ્ણ નામે મનુષ્યદેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૭)

विधिशंभुशेषमुनिभिश्च गीयते चरितं शुभं तदपि दर्शनायते ॥
तव ते भजन्ति सुतनुं सुमंगलां हरिकृष्णकृष्ण तव देहि दर्शनम् ॥८॥

મોટા મોટા વિદ્વાનો પંડિતો જેવા કે સાક્ષાત જગત સૃષ્ટા બ્રહ્માજી, કૈલાસ પતિ શંભુ શિવજી અને હજાર મુખવાળા શેષનારાયણજી પણ તમારા દિવ્ય ચરિત્રોનું સદા ગાન કરે છે. તો પણ તમારા આ હરિકૃષ્ણ નામ ધારી મનુષ્ય દેહના દર્શન કરવા આવે છે અને તેવા દિવ્ય શરીર ધારી તમારી ભક્તિ ઉપાસના મંગલકારી આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ માટે કરે છે. હે હરિકૃષ્ણ નામે મનુષ્ય દેહ ધારી આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં શ્રીકૃષ્ણ પરમાત્મા તમારા દિવ્ય સ્વરૂપના મને દર્શન આપો. (૮)

इति कृष्णवियोगिनाऽमनिशं भजतां प्रेमजनेन भाषितम् ॥
विरहाष्टकमादरादिदं पठतामाशुं तनोतुं मंगलम् ॥९॥

આવી રીતે હરિકૃષ્ણ નામ ધારણ કરીને આ પૃથ્વી ઉપર વિચરણ કરતાં ભગવાન શ્રીકૃષ્ણના વિયોગમાં તેમના પ્રેમીભક્તો રાત્રી દિવસ ગાતા બોલતાં રહે છે. આદર પૂર્વક પ્રેમથી આ વિરહ અષ્ટકનો જે પાઠ કરશે કે પરમાત્માના સ્વરૂપ સન્મુખ ભક્તિ ભાવથી ગાશે તેનું સર્વ પ્રકારે મંગલ થશે અર્થાત્ તેને આત્યન્તિક કલ્યાણરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે. (૯)





# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શ્રીમુખેથી દિશા સૂચક આશીર્વચન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**શ્રી ઘનશ્યામ મહોત્સવ અમદાવાદ (કાલુપુર) મંદિર તા. ૪-૬-૨૦૧૭ (ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં** : શ્રી સ્વામિનારાયણ ભગવાને નક્કી કરીને સૌ પ્રથમ... સૌ પ્રથમ પધરાવેલા આ શ્રી નરનારાયણદેવના પ્રાંગણમાં - દેવના સાનિધ્યમાં સભામાં બેઠેલા સૌને ખૂબ ધન્યવાદ અને ખાસ કરીને રૂપાણી સાહેબને કે જેઓ સમય કાઢીને આવ્યા છે. અમે એવું ઈચ્છીએ કે સાહેબ ! આપ કાયમ આવતા રહો, બહુ હેરાન નહી કરીએ સાહેબ ! અવાર-નવાર આવવું. સાહેબના અગત્યના ગુણો જે મને ગમે છે તે તેઓનું નિર્માનીપણું,........ વખાણ નથી કરતો પરંતુ અંદરથી કહું છું. લીડરશીપમાં જે જરૂરી હોય છે. સમસ્યાનું ઝડપથી નિરાકરણ લાવવું એ સાહેબે જે રીતે કાર્ય સંભાળ્યું છે તેમાં જોવા મળે છે.

બહુ સમય નથી લેવો. પરંતુ એક અગત્યની હકીકત જણાવું તો આપણા જ દીકરા-દીકરીઓ છેક ન્યુઝિલેન્ડથી માંડી નોર્થ-વેસ્ટ કેનેડા સુધી દુનિયાના દરેક છેડે રહેલા છે. તમારામાંથી ઘણાયના હશે. તેઓના માટે શ્રી નરનારાયણદેવના છત્ર નીચે ખાલી મંદિરો જ નથી થતા પરંતુ તે મંદિરોમાં લગ્ન થાય છે. યજ્ઞ થાય છે, દીકરાઓના જન્મ દિવસ ઉજવાય છે. દીકરા-દીકરીઓના લગ્ન નક્કી થાય છે. ઉજવાય છે. **ગર્વ સાથે કહું છું કે આગામી ફક્ત ૧૦ મહિનામાં બીજા ૮ મંદિરો શ્રી નરનારાયણદેવની સંસ્થા નીચે થવાના છે. તેમાં મુખ્ય તો દેવસ્ય.....૫૦૦ એકરમાં** થશે. વિદેશમાં અવાર-નવાર જવાનો કોઈ સ્વાદ નીકળે તેવો નથી, જેઓ એક વાર જઈને પાછા આવે તેઓને પૂછી જોજો. આપણી સંસ્થા નીચે મંદિરો દ્વારા ભારતીય સંસ્કૃતિના સંસ્કારો કાયમ જળવાય રહે એ જે સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ છે તેને પરિપૂર્ણ કરવા માટે આ બધા પ્રોજેક્ટ, સંસ્થા અને મંદિરોને કેન્દ્રમાં રાખીને અમે વિદેશ જતા હોઈએ છીએ.

બીજી છેલ્લી અગત્યની એક વાત એ છે કે, શ્રી સ્વામિનારાયણ ભગવાન સૌ પ્રથમ સંપ્રદાયમાં આવ્યા ત્યારે સીધા કોઈને માળા લઈને એક ખૂણામાં બેસીને ધ્યાન કરવાનું નથી કહ્યું. પહેલામાં પહેલું કાર્ય શું કર્યું ? માણસાઈના કાર્યથી શરૂઆત કરી. કૂવા ખોદાવ્યા છે, વાવો ગળાવી છે, અન્નક્ષેત્ર ચાલુ કર્યા છે. દરેક ધર્મના પાયામાં માનવતા હોય છે. **માણસાઈ વગર કોઈ માણસ સીધા જ પગથિયા ચડે તો તે ભગવાનને પણ નડે છે. ખરું ને સાહેબ ! માનવતા વિના કોઈ ધર્મ ચાલતો નથી. સ્વામિનારાયણ ભગવાને પ્રથમ માણસાઈ શીખવાડીને જેવા તેવાને પણ પ્રથમ માણસ બનાવ્યા અને પછી તેને ભગવાન તરફ લઈ ગયા છે. દુઃખી માણસોના કાર્ય કરીએ, જરૂરિયાતવાળાને બનતી મદદ કરીએ. એક બીજાને સાથ સહકાર આપીએ તે પાયા ઉપર આ નરનારાયણદેવનું મંદિર તથા આ સંપ્રદાય સ્વામિનારાયણ ભગવાને કર્યા છે.** સંતોનો અથાક પરિશ્રમ, હૂંફ, હરિભક્તોની તન, મન, ધનની સેવાથી કાર્ય થાય છે. પાંચ દિવસથી સૌ લાભ લઈ રહ્યા છો. ધન્યવાદ, ખાસ કરીને આપણા સી.એમ. સાહેબ, સાથે આવેલા આપણા મેયર સાહેબ તેમજ સાથેના નાના મોટા દરેક સભ્યો, મહેમાનોને હાર્દિક ધન્યવાદ. સાહેબ ! વારંવાર મળતા રહો જેથી સાથે મળી માનવતા તથા ભગવાનના કાર્યો થતા રહે અને એ માટે શ્રી નરનારાયણદેવ આપણને સૌને બળ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

**રાજકીય મહાનુભાવોની વિદાય - અનુપસ્થિતિમાં** : શ્રી નરનારાયણદેવના આશીર્વાદથી આપણું કાર્ય થાય છે. આ એક બહુ અગત્યનો રસ પડે તેવો કાગળ છે. જેના માટે ફરી માઈક હાથમાં લીધું છે.

ભાષણ કરવા નથી લીધું આ જ્યારે જેના માટે આપણે સભામાં બેઠી છીએ. અહીં બેસીને ઘણી વાતો થઈ હશે પણ આ એ વખતનો એક રૂપિયા આઠ આના ના સ્ટેમ્પ પેપર વાળો ઓરિજીનલ કાગળ છે. (અસલ કાગળ), કોઈની પાસે ન હોય ! મહંત સ્વામી કહે, કેમ્પ છોડીને જતા રહીશું. અમે કહ્યું ન છોડવા માટે તો અહીં આપણે બધા ભેગા થયા છીએ. એમાં કહેવાનું શું હોય ! મને વિશ્વાસ છે કે કોઈ દેવને છોડીને ક્યાંય જવાના નથી. એના માટે તો આ હરિભક્તો પણ અડધી રાત્રે ભેગા મળીને બેઠા છે ! નરનારાયણદેવને છોડીને ક્યાં જઈશું !

પત્રમાં લખ્યું છે, સંવત ૨૦૦૯, મહાવદી-૬, ગુરુવાર તા. ૫-૨-૫૩ ના દિવસે લી. આ જે ઘનશ્યામ મહારાજની મૂર્તિ મંદિરમાં બનાવવા માટે જેમને જવાબદારી સોંપી હતી તે પહેલાનો એના માટેનો આ કાગળ ખૂબ રસપ્રદ છે. મને સવારમાં જે.કે. સ્વામીએ આપ્યો. કારણ કે મહંત સ્વામીના ગુરુએ એ વખતે લખેલો આ કાગળ મેં જે.કે. સ્વામી પાસેથી લઈ લીધો. મહંત સ્વામીને ખબર નહીં એટલે જોયા કરતા હતા. શું છે ? શું છે? પણ વહેવારે તો..... હાસ્ય..... બહુ કથા સાંભળીને થાક્યા હો એટલે થોડું હસીએ. જો કે રામ સ્વામીની કથા સાંભળવાનો એક આનંદ હોય છે, એક દિવ્યભાવ હોય છે! પરંતુ થોડા લાઈટ મુડ (હળવાશની પળો)માં મઝા આવે ! આ લાઈટ ચારે બાજુ ચાલું રાખીને અહીં બંધ કરી છે. દિવ્ય સ્વામી બહુ તૈયાર છે હો !

આ નાના સંતો, વડીલ સંતો સહુ ભેગા મળીને દેવની સેવા કરે છે... દેવની સેવા કરે છે, સત્સંગની સેવા કરે છે. આ બહુ મોટી વસ્તુ છે. **અમે ૧૦૦૦ વખત કહ્યું છે અને કહેતા રહીશું કે દેવને મુકીને કોઈ વસ્તુ કરવી નહીં. ચોખાનો એક દાણો ન આપશો. એક આનો.... એક પૈસો ન આપશો. કોઈ માંગવા આવે તો કહેવું કે તું પહેલા દેવનો દસ્તાવેજ લાવ તે વિના નરનારાયણદેવના પગથિયા કોઈને ચડવા દેશો નહિ. ભગવા પહેરીને આવે, લાલ પહેરીને આવે કે પીળા પહેરીને આવે. ગમે તે કપડા પહેરીને કોઈ આવે.... કોઈને કંઈ આપવું નહીં તેને ન આપો તેમાં દ્રોહ નહીં લાગે, પરંતુ પુણ્ય લાગશે તેની ગેરંટી અમારી છે.**

લખ્યું છે કે અક્ષરભુવનમાં પધરાવવાની ઘનશ્યામ મહારાજની મૂર્તિ માટે મકરાણાનો આરસ તે માટે રોકેલ માણસ તમારી પાસે રૂા. ૧૬૫૧/- રાખેલ છે. એટલે આ મૂર્તિની કિંમત રૂા. ૧૬૫૧/- છે તેની વિગત અને શરતો નીચે મુજબ છે.

મૂર્તિ મંદિરમાં બનાવીને સ.ગુ. ચિતારા નારાયણચરણ સ્વામીને આપવી. તે માટે પથ્થર આરસની ખાણમાંથી ઉંચમાં ઊંચી કક્ષાનો એકદમ સફેદ, તેમાં કોઈ ડાઘ વગરનો મૂર્તિને યોગ્ય હોય એવો લાવીને વાપરવો. ચોકસાઈ કેટલી છે જોયું ! હવે બીજો પોઈન્ટ - મૂર્તિ અઢણી સાથે સાડા ચાર ફૂટ ઉંચાઈની બનાવવાની છે. તેમાં પાછળ પીછોઈ પણ બનાવવાની છે. મૂર્તિનું કામ સં. ૨૦૦૯ ફાગણ વદી રવિવારે સંપૂર્ણ કરીને પોલિશ અને રંગ કરીને આપવી એ શરત રાખવામાં આવે છે. અક્ષરભુવન તે ઠેકાણે આરસની પ્લીન્થ અને બેઠક એ કરવાનું કામ અમારા ખર્ચે તમે કરશો.

ઉપર જણાવેલી શરતે આ તમારી પાસે રૂા. ૫૦૦/- એડવાન્સ આપવામાં આવે છે. શરતો પ્રમાણે કામ સંતોષજનક ન લાગે તો પૈસા પાછા લેવામાં આવશે. આ સ્વામિનારાયણિયા..... મોટું મોટું વાચ્યું છે. નહીં તો અડધી રાત થાય ! કોઈ પણ જાતની શરત ભંગ થાય, સંતો અથવા પૂ. દેવેન્દ્રપ્રસાદજી દાદા એ વખતે હયાત હતા. તેઓને અથવા તેઓએ જે સંતને જવાબદારી સોંપી હોય તે સંતોને મૂર્તિથી સંતોષ ન થાય તો કામ પુરૂ થયે રૂા. ૧૬૫૧/- તે પેટે એડવાન્સ સાથેની રકમ પાછી આપીને તે મૂર્તિ તેમણે લઈ જવાની ! મહારાજના અને સંતોના પત્રો તમે વાંચો, તેની ચોકસાઈ જુઓ. અમે પહેલા કહ્યું એ પ્રમાણે આ પત્ર એટલા માટે વાંચ્યો કે **આવી ચોકસાઈ સત્સંગમાં બધાએ રાખવી પડશે અને તમે રાખો જ છો. દેવનો જ્યાં દસ્તાવેજ ન હોય ત્યાં આપણે પડવાની જરૂર છે જ નહિ.**

આપણને નરનારાયણદેવ મળ્યા છે. આપણે કંગાલ નથી. આપણા ગામોગામ, શહેરો તથા દેશો દેશમાં મંદિરો છે. અને થઈ રહ્યા છે. તમે કહેશો ને જરૂરિયાત હશે તો શેરીમાં, તમારા ઘરની બાજુમાં મંદિર કરીશું.

હકીકતમાં કહું છું, ખોટું નથી કહેતો પણ મંદિર નરનારાયણદેવનું થવું જોઈએ. દેવ વિના આપણો ઉદ્ધાર નથી. અન્ય જગ્યાએ લીલું પીળું કે ચકમક હશે પરંતુ એ ચળકાટ વાળુ લાંબુ નહી ચાલે. કોઈને એમ લાગે કે સૂર્ય ચન્દ્ર તપે ત્યાં સુધી ચાલશે, પરંતુ સાંજ પડ્યે ઢીલો પડી જાય, ખલાસ થઈ જાય ! **યાદ રાખજો, આપણા ઉપર નરનારાયણદેવની કૃપા છે કે આપણને નરનારાયણદેવ મળ્યા છે.** આપણા ભાગ્ય છે કે આપણે જે ભૂમિ પર બેઠા છીએ ત્યાં મહારાજ સભા કરતા હતા એ આ ભૂમિ છે. **રમણ રેતીમાં આજે પણ લોકો આળોટે છે. આળોટે છે ને.... ! તો આ ભૂમિને તો સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને હજારો વાર પોતાના ચરણોથી અંકિત કરી છે. આ ભૂમિનો મહિમા કહેતા કહેવાય નહી તેટલો અપાર છે.** તમને સૌને તેનું અહોપણું છે જ માટે તો અહીં બેઠા છો. સુંદર કાર્ય થયું છે સૌને હાર્દિક ધન્યવાદ !

વિશેષમાં, જીર્ણોધ્ધાર થયો ત્યારે સલાહ સૂચન આવેલા કે હવે કાર્ય આદર્યું છે તો સિંહાસન પણ સોનાનું કરીએ. અમે કહ્યું એ તો કરવું જ નથી. લાકડું લાવો, સારામાં સારુ. સવારે દર્શન કર્યાને, કેવા રૂપાળા ભગવાન લાગે છે ! એની જ મઝા છે. વાસ્તવિકતાની જ મઝા છે. નરનારાયણદેવના મંદિરમાં જુદી વસ્તુ છે. બધાની ભાવના હતી કે મુખ્ય મંદિરમાં અમારું થોડું થોડું યોગદાન દેવ સ્વીકારે, તે ભાવનાથી પરિપૂર્તિ માટે અમે નિજ મંદિરમાં છૂટ આપેલી. અહીં કોઈ ગાંડપણ કરવા આવે તો આપણે તેના ભેળા ગાંડપણ કરવાની જરૂર નથી. સોના કરતા પણ ભલે મોંઘું હોય પણ સિંહાસન તો કાષ્ઠનું જ શોભે અને એ જ પરંપરા છે. દર્શન કરવાથી ગદ્ગદ્ છાતી ફુલે છે. **શ્રી નરનારાયણદેવ તો સ્વયં પ્રતાપી છે જ ! સોનાથી, હીરાથી કે રૂપિયાથી આપણા ભગવાન કે સ્વયં આપણે પણ મોટા થવાના નથી તેનાથી તો આપણે પણ ખાડે પડીશું. આપણા ભગવાન આપણી ભાવનાથી મોટા છે અને આપણે સૌ ભગવાનના આશીર્વાદથી મોટા છીએ. આ સીધો સાદો સિદ્ધાંત છે.** આ દેવના ચરણોમાં બેસીને સંતો ભક્તો જે સેવા તથા ભજન કરી રહ્યા છો તે સહુને ધન્યવાદ.

ફરી કહું છું કે કોક કંઈક માંગવા આવે તો ભલા થઈને કાગળ માંગજો. એ માટે જ આ કાગળ વાંચ્યો છે. બાકી મને બહુ બોલવાનો સ્વાદ નથી. **આમ પણ રાત્રે બહાર નીકળવું મને ગમતું નથી. વહેલો ઉઠું છુ. બપોરે સૂતો નથી. અને સાંજના સાડા આઠ નવ વાગ્યે તો ઘસઘસાટ ઊંઘ આવી જાય છે. એટલે રાત્રે બહાર નીકળવાનું હોય જ નહી.** કથા પણ રાત્રે હોય જ નહીં. પરંતુ બધાને અનુકૂળતા આવે એ માટે કથા રાત્રે થતી હોય છે. એક હરિભક્ત આવેલા કહે રાત્રે કથા પારાયણ રાખી છે. આપે પધારવાનું છે. હું કંઈક બહાનું શોધતો હતો એટલે કહ્યું કે પણ મને રાત્રે દેખાતુ નથી. (રમૂજ !) પેલા ભગત બિચારા ટેન્શનમાં આવી ગયા. મહારાજશ્રી ! અમને ખબર જ નહોતી, આપને આવું છે, તો ન પધારતા. (પ.પૂ. મહારાજશ્રી ખૂબજ હાસ્ય રમૂજ કરતા હોય છે. રખે કોઈ સાચું માની લે !)

આપ સૌને ખૂબ પ્રેમ અને લાગણી છે, દેવ પ્રત્યે સંપૂર્ણ શ્રધ્ધા છે. મહારાજ સૌનું રૂડું કરે, મંગળ કરે, સંકલ્પ પૂરા કરે એવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી લાલજી મહારાજશ્રીએ આ પ્રસંગે આશીર્વચન આપતા કહ્યું હતું કે :** આદરણીય સંતો અને ગામો ગામથી પધારેલા વ્હાલા સર્વે હરિભક્તો, પ-પ દિવસથી ચાલતો આ ઘનશ્યામ મહોત્સવ તેમાં આપણે બધાએ આજે સવારે જે દર્શન કર્યા અને તેમાં જે શાંતિનો બધાને અનુભવ થયો તેની પાછળનું જો કોઈ કારણ હોય તો સંતો અને હરિભક્તો. તેમાં ખાસ તો યુવા સંતો અને સ્વયં સેવકોએ પડદા પાછળ રહીને રાત-દિવસ ઉજાગરો કરીને મહોત્સવને સફળ બનાવવા તન, મન, ધનથી જે સેવા કરી છે તે સર્વે ધન્યવાદને પાત્ર છે. **એક વાત હમેશા યાદ રાખવી કે આપણે જે કંઈ કાર્ય કરીએ છીએ તે નરનારાયણદેવ માટે છે અને નરનારાયણદેવ થકી એ કાર્ય થાય છે. એમાં શંકાને કોઈ સ્થાન નથી. કેટલાક જન્મના પુણ્ય હોય ત્યારે આ પવિત્ર ભૂમિ પર બેસીને આવો લાભ પ્રાપ્ત થાય છે. માટે આવો લાભ અને આવી તક ન ગુમાવતા ભજન ભક્તિ અને સત્સંગ કરીએ અને કરાવીએ.** મહારાજ સૌનું રૂડું કરે અને કાયમ દિવસે દિવસે સત્સંગ વધતો રહે એવી પ્રાર્થના.



# "સુખી હું આજ દર્શને"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

સ્વામીશ્રી સહજાનંદજી મહારાજે અવિરત વિચરણ કર્યું છે. હેતુ એક જ હતો કે મારા પ્રેમી ભક્તજનને દર્શન સુખ આપવું. અને એવા ભક્તને પણ જ્યારે ભગવાન મળે તેથી અધિક આનંદ, તેથી અધિક સુખ બીજું શું હોઈ શકે ?

અત્રે એવા ત્રણ પ્રસંગો જોઈએ.

**(૧) હાથરોલીના ભીલરાજા :**

જેતલપુરનો સર્વ પ્રથમ અત્રિરુદ્રયાગ નિર્વિઘ્નપણે પાર ઉતર્યો એ જાણી અસુરો બળી મુઆ. ખોખરાથી અમદાવાદ ભીક્ષાર્થે જતા સાધુઓને અસુરોએ ખૂબ માર્યા. મહારાજ અતિ કોપાયમાન થયા તેમણે ચારસો સંતોને સુરત શહેરમાં મોકલ્યા અને શૂરવીર ક્ષત્રિયોને સાથે રાખી ખોખરા ગામે એ ક્ષત્રિયો દ્વારા અસુરોનો વિનાશ કરાવ્યો, કેટલાંક નાસી પણ ગયા.

આ બાજુ મહારાજે ડભાણમાં યજ્ઞનો પ્રારંભ કરાવ્યો. એ તો જાણતા જ હતા કે દાઝે ભરાયેલા વામીઓ યજ્ઞમાં વિઘ્ન જરૂર કરશે. એટલે પોતે ઘોડાસર થઈ હાથરોલીમાં આવ્યા અને સંતની મંડળી તેડાવી. હાથરોલીના રાજા ભીલ હતા. મહારાજનાં હેત વાળા હતા. જાણ્યું કે શ્રીહરિ પધાર્યા છે તે પોતાની સેના અને પાલખી લઈને મહારાજને મળવા આવ્યા.

ભીલ ભૂપતિ શ્રીહરિને નિહાળી અતિભાવ વિભોર બની ગયા. ''મહારાજ ! તમે અમને દર્શન દીધાં - આજે અમારાં ભાગ્ય ખૂલી ગયા.'' પોતે હાથ જોડીને દાસની જેમ ઊભા રહ્યાં અને કહે ''મહારાજ ! અમે તમારા વેચાણ છીએ. આવ્યાં છો તે જે સેવા હોય તે સોંપજો.'' મહારાજ કહે, ''અમે ડભાણમાં યજ્ઞનો પ્રારંભ કર્યો છે પરંતુ મહામદે ભરેલા અભાગી અસુરજનો તેમાં વિઘ્ન કરવા જરૂરથી આવશે માટે અમારા સંતોની રક્ષા કરવા માટે સૈન્યે સહિત ડભાણ આવો.''

ભીલ રાજા કહે, ''મહારાજ ! ચિંતા ન કરો. મોટો પૃથ્વીપતિરાય આવે તો પણ તેને તરણા જેવો માનું છું. યજ્ઞની અને સંતોની રક્ષાની સંપૂર્ણ જવાબદારી અમારી પરંતુ મહારાજ એક જ વિનંતી છે કે આપ મારા ઘેર પધારો અને જેવો આજ હું આપના દર્શને સુખી થયો છું તેવા જ સુખી અમારા શહેરીજનોને પણ કરો.'' પછી તો ભીલ ભૂપતિએ મહારાજને પાલખીમાં વિરાજમાન કર્યા પોતે છત્ર ધરીને સમગ્ર આંતરોલીમાં શ્રીહરિની શોભાયાત્રા કરાવી પોતાને ઘેર પધરાવ્યા અને મોતીડાના થાળથી મહારાજને વધાવ્યા. સમગ્ર આંતરોલીના જનો શ્રીહરિનાં દર્શન કરીને કહેવા લાગ્યા.

ધન્ય ધન્ય મહારાજ આજ સુખી થયાં તમ સાથ ! (તમારાં દર્શન થકી)

**(૨) ધર્મપુરનાં રાણી કુશળકુંવરબા :**

અડાલજની સુપ્રસિધ્ધ વાવ નું જે પુણ્યાત્મા બાઈએ નિર્માણ કરાવેલું એ રાણી રૂડાબાઈ તે બીજા જન્મે ધર્મપુરના કુશળકુંવરબાઈ બન્યા. ચૈતન્યાનંદ સ્વામી દ્વારા મહારાજ અને સ્વામિનારાયણ સત્સંગ ઓળખાયા હતાં. સંતોની સુંદર અને આગવી રીતભાતથી રાણી અત્યંત પ્રભાવિત થયેલાં.

એકવાર મહારાજ ડભાણ થઈ વડતાલ, બોચાસણ

થઈ નર્મદા ઉતરી ઉધના, ચીખલી થઈ ધર્મપુર પધાર્યા. રાણી બીજે ગામ હતાં પરંતુ મહારાજ પધાર્યા છે જાણી તરત જ આવ્યાં. શ્રીહરિને પ્રથમવાર જ નિરખ્યાં અને દૃષ્ટિ જાણે સ્થિર થઈ ગઈ. આંખો દ્વારા સ્થિર કરતાં ગયાં. જાણે શ્રીહરિની મૂર્તિને પીતાં ન હોય ! અત્યંત ભાવ વિભોર બની ગયાં. આંખોમાંથી હર્ષના આંસુ વહેવા લાગ્યા.

''ભલે પધાર્યા મહારાજ !'' એમ કહીને અછો અછો વાનાં કરવા લાગ્યાં. સીધા જ એમને ગાદી ઉપર બિરાજમાન કર્યા અને પોતે મર્યાદાપૂર્વક નીચે બેસી ગયાં.

''મહારાજ ! મારાં મોટાં ભાગ્ય કે આપ અમારે ત્યાં પધાર્યા. અને અમને દર્શન આપી સુખી કર્યા. મહારાજ ! બસ હવે અમારાં અધિપતિ બનીને અહીં જ રહો. અમે તો અત્યાર સુધી અજાણતાંમાં રહીને રાજા બની બેઠેલા, પરંતુ હવે અસલ રાજા એવા આપ આવી ગયા છો તો આ રાજ્ય તમારું તમે સાચવો, આમાં અમારું કાંઈ નથી, અમે તો આપનાં દાસ બનીને સેવા કરીશું અને નિત્યે દર્શન સુખ પામીશું.''

શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. પછી ધીરેથી બોલ્યા ''જુઓ કુશળકુંવરબા, અમે અહીં રાજ્ય કરવા નથી આવ્યા પરંતુ અનેક જીવોને ઉધ્ધારવા માટે આ ભૂમિ ઉપર ભમિયે છીએ. વિચરણ કરીએ છીએ. આ રાજ્ય તો તમારું જ છે, તમે કરો પરંતુ અંતરમાં સદાય હરિ મૂર્તિને જ રાખજો. અંતરમાં રાજ્યની ઉપાધિ રહેશે તો મોટી ખોટ રહેશે.'' બાઈ બોલ્યા :

''હવે તમને મૂકી બીજી બલા કોણ રાખશે,
સુધાસમ શ્યામ તમને મુકી વિષ કોણ ચાખશે.''

**(૩) સુરતના પારસી અરદેશરજી :**

એકવાર મહારાજ બોચાસણ, દેવાણ થઈ મહી નદી ઉતરી કારેલી, આમોદ, બુવા, કેલોદ, ભરુચ, અંકલેશ્વર થઈ કોસાલ ગામ આવ્યા. ત્યાં સન્મુખ આવેલા સુરતી હરિભક્તોના રાજીપાને વશ થઈ તેમની સાથે સુરત પધાર્યા.

**સુંદર શહેર સુરતના સત્સંગી સર્વ સુજાણ,**
**પ્રભુજી ત્યાં પધાર્યા જનહેતે જીવન પ્રાણ.**

સુરત શહેરના સરદાર સુબા તરીકે પારસી પ્રેમાળભક્ત એવા અરદેશરજી હતા. મહારાજે તાપી તીરે મસ્તુબાગમાં ઉતારો કરેલો. મહારાજ પધાર્યા છે. એ જાણ્યું એટલે અરદેશરજી સુખપાલ મેના પાલખી પાયદળ, મોટા પુરાણી પંડિતો, રથ, વેલ આ બધું સાથે લઈને બહુ વાજિંત્રો સાથે પ્રભુજીને શહેરમાં પધરાવવા સારું સામે ચાલીને આવ્યા.

શ્રીજી મહારાજને જેવા નિરખ્યાં કે ભાવવિભોર બની ગયાં. દંડવત્ કરવા લાગ્યા. શ્રીહરિ પણ અત્યંત પ્રસન્ન થયાં અને બાથ ભરીને અરદેશરજીને મળ્યાં. મહારાજ પૂછવા લાગ્યા, ''તન, મનથી સુખી છો ને અરદેશરજી?'' અરદેશરજી કહે ''મહારાજ સુખી તો આજ તમારા દર્શનથી થયો છું. બહુ દિવસની વાટ જોતો હતો તમારા દર્શન માટે. ઘણી વાટ જોવડાવી પરંતુ આજે અહીં પધારી અમને દર્શન આપ્યાં તે મોટી મહેર કરી છે, બસ મહારાજ જેવા લહેરમાં આજે આવ્યા છો તેવા જ તમો અમારા શહેરમાં પધારો જેથી કરીને અમારા સુરત શહેરનાં સહુ નરનારી તમારાં દર્શન કરીને પાવન બની જાય.''

એક સરદારને છાજે એવી માંગણી હતી. પછી તો મહારાજ પાલખીમાં વિરાજમાન થયા. અરદેશરજી પોતે ચામર છત્ર લઈને ચાલતા હતા. સુરત શહેરની એ નગરયાત્રા ખૂબ શોભાવંત બની રહી. મહારાજ અરદેશરનાં ઘેર પધાર્યા સેવા પૂજા અંગીકાર કરી અને રાજી થઈને પોતાની લાલ પાઘ એમને ભેટ રૂપે આપી.

ઉપરનાં ત્રણેય પ્રસંગો એક ભીલભૂપતિ બીજા રાણી કુશળકુંવરબા અને ત્રીજા સુરત શહેરના સરદાર અરદેશરજી - એ ત્રણેયને ક્યાં કશી ખોટ હતી ? અને એ ત્રણેયે જ્યાં શ્રીહરિનાં દર્શન કર્યા કે એમની સર્વ ખોટ દૂર થઈ ગઈ અને સૌએ એક જ જવાબ આપ્યો કે

''સુખી છું આજ દર્શને'' કેમ કે મહારાજ પધાર્યા છે મારે આંગણે.

**શ્રાવણ સુદ-૧૫ પૂનમનું ચંદ્રગ્રહણ પાળવાનું છે.**

સં. ૨૦૭૩ શ્રાવણ સુદ-૧૫ તા. ૭-૮-૧૭ સોમવાર ચંદ્રગ્રહણ છે. જેનો વેધ તા. ૭-૮-૧૭ સોમવાર બપોરે ૧-૪૦ થી શરૂ થાય છે. ત્યારબાદ ભોજન કરવું નહીં. આ ગ્રહણ ભારત, એશીયા ખંડ, ઓસ્ટ્રેલીયા ખંડ, આફ્રિકા ખંડ, યુરોપ ખંડ, રશિયાના દક્ષિણ પ્રદેશ તેમજ હિન્દ મહા સાગર, એટલાન્ટીક અને પેસેફીક મહાસાગરમાં દેખાશે. એટલે જે તે દેશમાં ત્યાંના સમયે પાળવું.

ગ્રહણ સ્પર્શ રાત્રે ૧૦-૪૦ મિનિટ
ગ્રહણ મધ્ય રાત્રે ૧૧-૫૦ મિનિટ
ગ્રહણ મોક્ષ રાત્રે ૧૨-૫૦ મિનિટ

# અંતિમ ધ્યેય

- જયંતીભાઈ કે. સોની (મેમનગર)

આત્યંતિક મોક્ષ માટે અનિવાર્ય સાધન ઉપાસના છે. શ્રીજી મહારાજ વિષે સર્વોપરી નિશ્ચય થતો નથી ત્યાં સુધી આત્યંતિક કલ્યાણ કોઈપણ સંજોગોમાં થતું નથી. શ્રીજી મહારાજ પોતાના સ્વમુખે લોયાના ૧૮ માં વચનામૃતમાં કહે છે કે નિશ્ચય થવો તે સૌથી કઠણ છે. અને નિશ્ચયની વાર્તા અટપટી છે. અને મહારાજ છેલ્લે કહે છે કે આ વાત આજ સમજો તો આટલી સમજવી છે ને સો વર્ષે સમજો તો પણ એટલી સમજવાની છે. વળી મહારાજ કહે છે આ વાત નિત્ય કરવી. ભૂલશોમાં જરૂર ભૂલશોમાં, મહારાજનો કહેવાનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે શ્રીજી મહરાજને સર્વોપરી જાણી તેવી રીતે જીવન જીવવાથી જ કલ્યાણ થાય છે.

નિર્ગુણદાસ સ્વામીની વાત પેજ ૧૩૧, ૧૭૮ ગઢપુરનાં સમૈયામાં મોટા મોટા સાધુને મહારાજ બોલ્યા કે ‘‘અમો અક્ષરધામમાંથી આવ્યા છીએ અને સર્વ અવતારના કારણ છીએ. જે ચાર વર્તમાન પાળશે અને અમને પુરુષોત્તમ અક્ષરધામના પતિને સર્વાવિભાવ કારણ જાણીને ભજશે તેને અમો અક્ષરધામ લઈ જઈશું.

ત્રણ વર્તમાન પાળશે અને અક્ષરધામના પતિ જાણીને અમને ભજશે તેને અમે અક્ષરધામમાં લઈ જશું. ત્રણ નહિં ને બે વર્તમાન પાળશે ને અમને અક્ષરાતીત પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જઈશું. બે નહિ ને એક વર્તમાન પાળશે અને અમને પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જઈશું. એક પણ નહિ પાળે અને અમને સદા દિવ્ય સાકારમૂર્તિમાન પુરુષોત્તમ જાણીને ભજશે તેને પણ અક્ષરધામમાં લઈ જઈશું. આમ ભગવાનના સ્વરૂપમાં દ્રઢ નિષ્ઠા હશે તે અક્ષરધામને પામશે તે વિના તો ઉર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય તો પણ તેનું આત્યંતિક કલ્યાણ થવું કઠણ છે. સ્વરૂપ નિષ્ઠામાં ધર્મનિષ્ઠા આવી જાય છે આ સિદ્ધાંત વાર્તા છે. આપણે કુલ પાંચ વર્તમાન પાળવાના હોય છે. ત્યારે મહારાજ કહે છે પાંચ નહિ ચાર, ચાર નહિ ત્રણ, ત્રણ નહિં બે, બે નહિ એક અને અંતે કહે એક પણ વર્તમાન ન પાળે પરંતુ નિશ્ચય સર્વોપરી હશે તો જ કલ્યાણ થશે.

શ્રીહરિ ચરિત્ર ચિંતામણી ભાગ-૩ પેજ ૧૭૯ અને ૨૨૧ માં નિષ્કુળાનંદ સ્વામીને તેડવા રામાનંદ સ્વામી પધારે છે. અને કહે છે કે ચાલો અમારી ભેગા. ત્યારે નિષ્કુળાનંદ સ્વામી સાથે જવાની ના પાડે છે અને કહે છે કે ‘‘મને શ્રીજી મહારાજ તેડવા આવશે ત્યારે હું આવીશ. તે દિવસે રામાનંદ સ્વામી એક બળદના જીવને લઈને જાય છે. અને બીજે દિવસે શ્રીજી મહારાજ પધારે છે. અને મહારાજે સ્વામીને દર્શન દઈને કહ્યું જે શ્વેતદ્વીપની ગાદી ખાલી થઈ છે તો તમે ત્યાં જશો ? ત્યારે સ્વામી કહે ‘‘મહારાજ હું તો પ્રથમ ત્યાં હતો માટે હવે ત્યાં જવું નથી. હવે તો તમારી ભેગો અક્ષરધામમાં આવીશ. એમ કહી સંવત ૧૯૦૩ ના અષાઢ વદી નોમને દિવસે દેહનો ત્યાગ કરી વિમાનમાં બેસી મહારાજ ભેળા અક્ષરધામમમાં ગયા. જુઓ ઉપાસનાની આવી સમજણ ન હોય તો મહારાજ બીજા ધામમાં પણ મુકી દે છે.

આ બાબતની વધારે પુષ્ટિ માટે હમણાના પ્રસંગની વાત છે. ભગવાને પોતાની મનુષ્યલીલા સંકેલી ત્યારબાદ થોડા સમયમાં બનેલી ઘટના છે. ‘‘નડિયાદ પાસે પલાણા ગામ છે. મુસલમાની વસ્તી ધરાવતા આ ગામમાં કાનજીભાઈ નામના એક પાટીદાર ગામમાં આવીને વસ્યા. તેમના પરિવારથી આ ગામમાં પટેલની વસ્તી થયેલી. આ ગામમાં પાંચસો પરમહંસોમાના એક સંત એવા અમોધાનંદ સ્વામી જે સ્વામિનારાયણ ભગવાનના દીક્ષીત સંત હતા. ધ્યાન, ભજન, સ્વામિનારાયણનું કરતા પણ તે રામાયણી હતા. રામાયણની ચોપાઈ સારી ગાતા અને સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ રામચંદ્રજી છે તેમ માનતા. હવે ગામમાં મંદિરની જરૂરિયાત ઉભી થતા યોગ્ય જગ્યા સત્સંગી પાસે ન હતી તેથી ગામનાં કોઈ મુસ્લિમ બિરાદરની જગ્યા હતી (ત્યાં હાલ મંદિર છે). ‘‘આ જગ્યા પેટે મુસ્લિમ બિરાદરને ભાઈબાએ પોતાની અત્યારનાં એસ.ટી સ્ટેન્ડ પાસેની જગ્યા મોટી હતી તે

બદલામાં આપી. બીજું ખેતર-વાડી વેચાણ લઈ તેનો પણ દસ્તાવેજ કરાવી ભાઈબાએ પોતાની પાસે રાખેલો. ભાઈબાનું મુળ નામ કાળીદાસભાઈ હતું. અને અમોઘાનંદ સ્વામીના ખૂબ હેતવાળા સત્સંગી હતા. તેથી તેમને લોકો ભાઈબા કહી બોલાવતા હતા.

અમોઘાનંદ સ્વામી દેહ મુકી ગયા બાદ થોડા સમયે ભાઈબા બહારગામ ગયેલા ત્યાં જ તેમનો દેહ છુટી ગયો. ત્યારબાદ તેમના નાના ભાઈ દાજીભાઈ વ્યવહાર સંભાળતા. ભાઈબાએ લેખ કરી આપેલો છતાં પાછળથી તે મુસ્લિમ આ મંદિરની જગ્યા પર પોતાનો હક દાવો છે તેમ કહી તકરાર કરી અને વેચાણ દસ્તાવેજ બતાવવા કહ્યું. પણ દાજીભાઈ કે અન્ય કોઈને આ લેખ ક્યાં મૂક્યો છે તેની ખબર ન હતી તેથી સામાવાળાએ બહુ ઉપાધિ કરેલી. તે સમયમાં શ્રીજી ઈચ્છાએ મહા સમર્થ સંત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી વડતાલથી પોતાનું મંડળ લઈ ત્યાં પધાર્યા. તે સમયનો ઈતિહાસ શ્રીહરિનાં દીક્ષીત પાર્ષદ મોનજી ભગતે લખેલો છે તે નીચે મુજબ છે. ગોપાળાનંદ સ્વામી પલાણા પધાર્યા ને મંદિરમાં ઉતર્યા ને દસ વીસ હરિભક્તો દર્શન કરવા આવ્યા ને સ્વામીનાં સન્મુખ બેઠા. ત્યારે સ્વામીએ કહ્યું તમારા મોઢા ઉપર ઉદ્વેગ કેમ છે ? ત્યારે હરિભક્તો બોલ્યા ઓણ વરસાદ નહિ પડે અને કાળ પડશે. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા વરસાદ ભગવાનના હાથમાં છે કોઈ જ્યોતિષીના હાથમાં નથી, પણ વરસાદ પડશે. એમ સ્વામી બોલ્યા પછી પાટીદાર દાજીભાઈ સ્વામીને કહે છે કે હે સ્વામી ખેતર વાડી તથા મંદિરની જગ્યા વેચાતી લીધેલી તેનાં લેખની અમને કશી ખબર નથી. લેખ તો અમારા મોટાભાઈ ભાઈબા પાસે હતો તે ગામતરે ગયા હતા ને ત્યાંને ત્યાં દેહ મેલી ગયા. જેથી પેલો મુસ્લિમ મુશ્કેલી કરે છે. લેખ વિના તેમને શું દેખાડીયે ? તે સાંભળી સ્વામીએ વિજ્ઞાનદાસ સ્વામીને સમાધિ કરાવીને કહ્યું તમે ધામમાં જુઓ જે ભાઈબા ક્યાં છે ? સ.ગુ. વિજ્ઞાનદાસજી બધા ધામમાં ફરી વળ્યા પણ ભાઈબા ક્યાંય ન મળ્યા. ત્યારે સ્વામી બોલ્યા જે ભાઈબાને હેત કોની સાથે હતું ? ત્યારે કહ્યું કે મારા મોટાભાઈ ભાઈબાને અમોધાનંદ સ્વામી સાથે હેત હતું. ત્યારે સ્વામીએ કહ્યું કે તો વિજ્ઞાનદાસજી તમે વૈકુંઠમાં જાવ. તે કહ્યા મુજબ સ્વામી સમાધિ કરી વૈકુંઠમાં ગયા. ત્યાં અમોધાનંદ સ્વામી વૈકુંઠવાસી ભગવાન પાસે કથા વાંચતા હતા તેને વિજ્ઞાનદાસજીએ કહ્યું જે મને ગોપાળાનંદ સ્વામીએ તમારી પાસે પૂછવા મોકલ્યો છે કે પલાણાના ભાઈબા ઈંયા છે કે નહિ ? ત્યારે અમોઘાનંદ સ્વામી બોલ્યા જે આ બેઠા તે ભાઈબા છે, વિજ્ઞાનદાસજીએ ભાઈબાને પૂછ્યુ તમારા ભાઈ દાજીભાઈને ઘણો આપ્તકાળ આવ્યો છે તે સારુ ગોપાળાનંદ સ્વામીએ મને તમારી પાસે મોકલ્યો છે. જે મંદિરની જમીનનો તથા ખેતર વાડીનો દસ્તાવેજ તમે ક્યાં મેલ્યો છે ? માટે લેખ જ્યાં હોય ત્યાં બતાવો ? ત્યારે ભાઈબા બોલ્યા જે, ખોરડામાં ઢોર બંધાય છે તેમાં પાટડાનું આથમણું પડખું તેમાં કોરીને તેમાં તાંબાની ભૂંગળી નાંખી છે તેમાં લેખ છે. તે ઉપર પાટડામાં ડગરી મારી છે. અને ઢોર બાંધે છે તે ખૂણામાં દક્ષિણાદિ કોરે રૂપિયાનું દેગડું ત્રણ હાથ ઉંડું નાખ્યું છે તે પણ કાઢી લેજો. એમ ભાઈબા એ વૈકુંઠમાં બેઠા બેઠા બતાવી દીધું. પછી વિજ્ઞાનદાસજી સ્વામી સમાધિમાંથી બહાર આવી સઘળી હકીકત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા દાજીભાઈ આગળ કરી. તે સાંભળી દાજીભાઈએ ઘેર જઈ દેગડું કાઢ્યું ને પાટડામાંથી ડગરી કાઢી ખત પણ કાઢ્યો. આનો શિલાલેખ આજપણ પલાણાં મંદિરમાં જોવા મળે છે. ત્યાં જવાનું થાય તો જરૂર દર્શન કરવા.

આ ઘટનાં શ્રીહરિની ઈચ્છાથી જ બનેલી જણાય છે. તે સમજાવે છે કે સ્વામિનારાયણને ભગવાન માની ભજન કરતા હોય, ધર્મ, નિયમ દ્રઢ પણે પાળતા હોય, માળા-પાઠ પૂજા માનસી ધ્યાન બધું સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું જ કરતા હોય પણ બીજા અવતાર જેવા સમજતાં હોય તો તે અવતારનાં ધામમાં શ્રીહરિ તેને મુકે છે. માટે મહારાજને સમજવામાં ફેર પડશે તો પ્રાપ્તિમાં પણ ફેર પડી જશે. માટે સ્વામિનારાયણ ભગવાનને સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ અને સર્વેના એક માત્ર સ્વામી સમજી જાણી જીવમાં ઉતારી શુધ્ધ ભાવે ઉપાસનાં કરવી તે જ આપણા જીવનનું અંતિમ ધ્યેય છે. વિસ્તારને અભાવે ખૂબ ટૂંકમાં જ વર્ણવ્યું છે. દેહભાવ છોડી જુની આંટી તોડીને મહારાજને ઉપર મુજબ જાણી આત્યંતિક કલ્યાણ સાધી લેવું તે જીવનનું અંતિમ ધ્યેય છે.

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### મોટું અને નાનું નગારુ

પરાત્પર પરમાત્માની હજુરમાં છડી, છત્ર, ચામર, વાજીંત્ર, વાહન ઈત્યાદિક અખંડ હોય છે. કીર્તન ભક્તિ કરતી વખતે વાજીંત્ર આદિક ઉપકરણોથી હૃદયની ઉર્મિઓને વધુ સારી રીતે સ્પષ્ટ કરી શકાય છે. આરતી સમયે શંખનાદ, ઝાલર, નગારાનો ધ્વનિ અને સંત હરિભક્તોની ઊચ્ચ સ્વરે થતી પ્રાર્થના સાંભળનારના હૃદયના તારને ઝંકૃત કરી દે છે. એક સૂરમાં વાગતી તાલીઓનો નાદ, ડંકા-નિશાન નગારાના નાદ અને ભગવાનની સ્તુતિ પ્રાર્થના આ જીવના અંતઃકરણમાં - દિલો દિમાગમાં એવી છવાઈ જાય છે કે તેને પ્રત્યક્ષ પરમાત્માની અનુભૂતિ સહેજે જ થાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદમાં શ્રીહરિએ બનાવ્યું અને તેમાં પોતે પોતાનું જ સ્વરૂપ જાણીને નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી અને સ્વયં તે દેવની આરતી ઉતારી અને જયઘોષ દિગંતમાં વ્યાપી ગયો. તે વખતે જે નગારા ઉપર સૌ પ્રથમ દાંડી પીટાઈ તે આ મોટું નગારુ અત્યારે આ મ્યુઝિયમમાં સર્વને દર્શન માટે રાખેલ છે. આ એજ નગારું છે કે જની ઉપર અસંખ્ય વાર નરનારાયણદેવની આરતીના બોલ ઝીલાયા છે અનેક સંત મહાનુભાવોના સ્પર્શને પામેલું આ નગારું અતિ પ્રસાદીનું છે. તેની ઊપર મઢવામાં આવેલું ચર્મ પણ કોઈ અતિપુણ્યશાળી આત્માનું હશે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી સ્નેહગીતા કડવું-૩૨, કડી-૯ માં લખે છે તેમ,

આ જીવહા તો અન્ય ન ઊચ્ચરે, પણ મુવા પછી પારખું કોઈ લેશે ।
નળી-ભૂંગળી વળી વાંસળી કરે કોય, તોય કૃષ્ણ કૃષ્ણ એમ બોલશે ।।

આ નગારાએ જેટલો નરનારાયણદેવનો મહિમા ગાયો છે તેટલો તો આજ દિન સુધી કદાચ કોઈએ નહિ ગાયો હોય. આ નગારાનો મહિમા અજોડ છે કેમ કે આ દેવની સૌ પ્રથમ આરતી તેનાથી જ શરૂ થઈ અને અનેક વર્ષો સુધી તેણે દેવની પાંચેય આરતીમાં અચૂક પણે હાજરી પુરાવી ઊચ્ચ સ્વરે કરીને ગાન કર્યું છે. સંત હરિભક્તોના હૃદયને પુલકિત કર્યા છે.

આજે વિજળીથી ચાલતા ઊપકરણોને લીધે કદાચ નવી પેઢીને આ મહિમા સમજાતાં વાર લાગશે પણ પાંચેય આરતી ટાણે તેટલો સમય, આટલા મોટા નગારા ઉપર દાંડી પીટવી એ પણ ખૂબ અઘરું કામ છે તે તો જેણે તે સેવા કરી હોય તેને તુર્ત ખ્યાલ આવે. પણ આ પ્રસાદીના નગારાના દર્શને કરીને જ આપણને નરનારાયણદેવની દરેક આરતી અચૂક સાંભરી આવશે અને તેણે કરીને જ આપણું નિશંક કલ્યાણ થશે.

નગારા પાસે બે ઘડી નિરાંતે ઊભા રહીને જેણે અનેક વર્ષો સુધી શ્રીજીનો જયઘોષ કર્યો છે તે સાંભળવા કોશિશ કરીશું તો તેની અનુભૂતિ હજુ આજે પણ આપણને અચૂક થશે. સૌ હરિભક્તો મહિમાથી - ભાવથી તેના દર્શન કરીને નરનારાયણદેવને હૃદયમાં ઉતારજ્યો.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જૂન-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | અ.નિ. મગનલાલ લીલાધર ચોકસી, અ.નિ. કાશીબેન મગનલાલ ચોકસી, જીતેન્દ્રભાઈ મગનલાલ ચોકસી - પારાયણ પ્રસંગે (અમદાવાદ) |
| રૂા. ૧૦,૦૦૦/- | શાંતિલાલ ગોપાલભાઈ દબાસીયા -માનકુવા (કચ્છ) |
| રૂા. ૬,૫૦૧/- | ઘનશ્યામલાલ ભટ્ટ - અમદાવાદ |
| રૂા. ૬,૫૦૦/- | ધ્રુવ પ્રેમજી દેવજી વાઘજીયાણી - નારણપર (કચ્છ) |
| રૂા. ૬,૦૦૦/- | વિપુલ વેદ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૧/- | જાગૃતીબેન વ્યોમેશભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | એક હરિભક્ત બહેન (જન્મ દિન નિમિત્તે ભેટ) - નારણપુરા |

**પાર્ષદવર્ય કાનજી ભગત વડતાલની પ્રેરણાથી**

| | |
|---|---|
| રૂા. ૧૧,૧૧૧/- | તેજસ બિપીનભાઈ પટેલ - આણંદ |
| રૂા. ૧૧,૦૦૦/- | મયુરભાઈ - બારેજાવાળા |
| રૂા. ૧૧,૦૦૦/- | મયુરકુમાર ઘનશ્યામભાઈ પટેલ - આણંદ |
| રૂા. ૫,૦૦૦/- | મનોજભાઈ - કુંડાળ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી જૂન-૧૭

| | |
|---|---|
| તા. ૧૦-૦૬-૨૦૧૭ | સાંખ્યયોગી વસંતબા ગુરુ સાં.યો. રાજકુંવરબા તથા ઉષાબા (શ્રી સ્વામિનારાયણ મંદિર દરબારગઢ - મોરબી) |
| તા. ૧૧-૦૬-૨૦૧૭ | સંજયભાઈ હર્ષદભાઈ ચોકસી ચિ. ધ્વનિબેનના જન્મ દિન નિમિત્તે (નવા નરોડા) |
| તા. ૨૩-૦૬-૨૦૧૭ | કિશોરભાઈ શંભુભાઈ શેલડીયા (વસ્ત્રાપુર) |
| તા. ૨૮-૦૬-૨૦૧૭ | પ્રિતેશ મુળજી નાથાણી (ઓકલેન્ડ - ન્યુઝિલેન્ડ) |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## દિવ્ય અનુભવ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાન પોતાના પાર્ષદો સાથે ઝાલાવાડ વિસ્તારના ગામડાઓમાં વિચરણ કરતા હતા. કોઈ ગામમાં ભક્તને ઘેરથી મહારાજ વહેલા ઉઠ્યા. હજી બ્રાહ્મમુહૂર્ત શરૂ થયું ન હતું. પાર્ષદોને કહે ચાલો આપણે અહીંથી નીકળીએ. આગળ ક્યાંક સરોવર કે નદી આવશે ત્યાં સ્નાન કરીશું. મહારાજ ચાલ્યા. કોઈ ગામની ભાગોળમાંથી પસાર થતા હતા. પ્રભુ પોતાના પાર્ષદોને કહે છે - અહીં પણ આપણા ભક્ત રહે છે. સામે જ એમનું ઘર છે. પણ આપણે એમને જગાડવા નથી પરંતુ જાગ્યા છે કે નહી એ જોતા જઈએ. એમ કહીને મહારાજ એ ભક્તની ડેલીએ આવીને ઉભા રહ્યા અને એજ વખતે એ ભક્તે જાગીને સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... મંત્રનો મંગળ ઉચ્ચાર કર્યો. ત્યાં શ્રીજી મહારાજ કહે છે, ‘‘હા.... બોલો.’’ આ કોનો અવાજ ! મેં સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... નામનો ઉચ્ચાર કર્યો ને આ હોકારો કોણે આપ્યો ? જ્યાં દરવાજો ખોલ્યો ત્યાં માણકી ઉપર બિરાજમાન પાર્ષદો સાથે મહારાજ ! કેવી સુંદર વાત છે ! હે પ્રભુ ! તમે અત્યારે ક્યાંથી ? અહીં સવારના વહેલા અંધારામાં ! મહારાજ કહે છે - ‘‘તમે બોલાવ્યા ને’’ મહારાજ એ તો મારી કાયમની ટેવ છે. હું ઉઠું એટલે સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...... એમ બોલું છું. મહારાજ કહે - ‘‘અમારી એ ટેવ છે, કોઈ અમને બોલાવે એટલે હાજર થવું. સવારે જાગીને જે અમારૂં નામ પોકારે એને ત્યાં અમે હાજર.’’

મિત્રો ! આટલું આ નિયમ તો જરૂર રાખજો. સવારે જાગતાની સાથે ભગવાનનું નામ મુખમાં આવવું જોઈએ. પથારીમાંથી જ્યાં આંખ ઉઘડે ત્યાં પહેલું જ ઈષ્ટદેવનું નામ હોઠે આવવું જોઈએ. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ.... નામ મુખ પર આવવું જોઈએ.

તમે એવી શંકા ન કરતા, અમે કાયમ સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... નામ બોલીએ છીએ પણ શ્રીજી મહારાજે હજી સુધી હોંકારો નથી આપ્યો. એવી શંકા ન કરશો. એક ભક્તને અનુભવ થયેલો. અત્યારે એ હયાત છે. સવારે જાગે એટલે પથારીમાં જ પલાંઠી વાળીને પાંચ મિનિટ બેસી જાય અને સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરે. ત્યાં એક દિવસ એમને થયું કે મારે માથે કોઈ પ્રેમથી કોમળ હાથ ફેરવે છે. ધ્યાનમાં હતા પણ એકદમ અલૌકિક અનુભવ થયો કે કોઈકનો કોમળ વાત્સલ્ય ભર્યો હાથ મારા માથા ઉપર છે. બહુ મીઠું લાગ્યું. જ્યાં આંખ ખોલી કોઈ હતું નહી. પણ હાથના દિવ્ય અનુભવથી એવો આનંદ થયો કે જે જીંદગીમાં ક્યારે પણ અનુભવ્યો ન હોય. એ મંગલમય વાતાવરણમાં બધા જ સંકલ્પ-વિકલ્પ વિરમી ગયા. પાંચેક મિનિટ પછી એમ થયું આ કોનો હાથ હશે? શું હશે ? પણ અદ્ભુત હાથ હતો. ચાર-પાંચ વરસ થઈ ગયા છતાં પણ સવારમાં જ્યારે ધ્યાનમાં બેસું ત્યારે એમ થાય કે એ હાથ હજુ મારા ઉપર અખંડ ફરે છે.

મિત્રો ! સવારના ઉઠીને એકદમ આપણા મનને કોઈ ઘરની કે વ્યવહારની કોઈ પ્રવૃત્તિમાં જોડી ન દેવું. સવારના જાગીએ એટલે સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... મહામંત્રનો ઉચ્ચાર કરવો. મનમાં નહીં મોટેથી બોલવું. કદાચ કોઈ વઢે તો સાંભળી લેવું. વઢે એટલા માટે કે કોઈને હજુ ઉંઘવાનો મુડ હોય, ઘણાય માણસો એવા હોય છે કે દા’ડો ઉગે તોય હજી ઉંઘવાના મુડમાં જ હોય. સૂર્યનારાયણનો ઉદય થાય છતાં એને પથારી બંધ કરવાનું મન ન થાય. એવા કદાચ ખિજાય ખરા પણ કાંઈ ચિંતા નહી. ઉઠીને પાંચ વાર નામ તો લઈજ લેવાનું અને સમય પ્રમાણે પછી પરમાત્માનું ચિંતન મનન કરવું. ધીરે ધીરે તમને ચોક્કસ અનુભવ થશે કે તમારૂં એ ધ્યાન સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને તમે જે લીધેલું નામ સ્મરણ એ સાક્ષાત્ ભગવાન સ્વીકારે છે.

માટે સવારના ભજન-ધ્યાન કરવાનું ભૂલવું નહિ. અને એ વખતે વ્યાવહારિક કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના આ શબ્દો કાયમ યાદ રાખવા જેવા છે.

"રવિ રહે પાછલી ચાર ઘટિકા તૈયેં,
સંતને શયન તજી ભજન કરવું.
સ્વામિનારાણ નામ ઉચ્ચારવું,
પ્રગટ પરિબ્રહ્મનું ધ્યાન ધરવું.
ભજન ભજી એ સમે અન્ય ઉધમ કરે,
નારકી થાય તે નરને નારી."

માટે હે ભક્તો ! સવારના જાગીને સ્વામિનારાયણ નામ ઉચ્ચ સ્વરે બોલવાનું નિયમ કાયમ માટે રાખજો. તો પરમ કૃપાળુ ઈષ્ટદેવનો અભયપ્રદ કોમળ હાથ તમારા મસ્તક ઉપર ફરશે. અને અક્ષરધામના દિવ્ય સુખનો અનુભવ ચોક્કસ થશે.

●

## નાના બાળકમાં આવી હિંમત ?

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

દાદાજી...દાદાજી.... તમને એક વાત કહું. આજે તો નિશાળમાં અમને અમારા શિક્ષકે નભ મંડળ, તારા અને ગ્રહો વિશે ભણાવ્યું. સૂર્ય, બુધ, ગુરુ, મંગળ વગેરે ગ્રહો વિશે તેમજ સપ્તર્ષિ, ધ્રુવ વગેરે તારા મંડળોની બહુ સારી વાત કરી. મને તો બહુ મજા પડી ગઈ. દાદાજી એક વાત કરું ? હા બેટા. દાદાજી આ બધા તારા, ગ્રહો બધું આકાશમાં ફરે છે પણ ધ્રુવનો તારો સ્થિર કેમ છે તે મને સમજાયું નહી. તમને ખબર છે આ ધ્રુવના તારા વિશે ?

હા, બેટા ! ચાલ આજે તેં યાદ કરાવ્યું જ છે તો તને ધ્રુવની વાત કરું. શ્રીમદ્ ભાગવતમાં ધ્રુવ આખ્યાન છે તેની વાત તને કરું તે તું શાંતિથી સાંભળજે. સાંભળીશ ને ? હા, દાદાજી. ભારત દેશમાં એક રાજા થઈ ગયા. તેનું નામ ઉત્તાનપાદ. આ રાજાને સુનિતી નામે રાણી હતા. તેમને એક પુત્ર હતો. તેનું નામ ધ્રુવ. આ ધ્રુવ રાજાને ઘણો વ્હાલો હતો. રાજા જ્યાં હોય ત્યાં આ પુત્ર ધ્રુવને સાથે રાખે. લાડકોડથી ધ્રુવનો ઉછેર થતો હતો.

થોડા સમય પછી રાજાના લગ્ન સુરૂચિ નામની રાણી સાથે થયા. લગ્ન પછી પ્રથમ રાણી સુનિતી અને તેના પુત્ર ધ્રુવની કિંમત ઘટી ગઈ. તેઓ અણમાનિતા થઈ ગયા.

એક વખતની વાત છે. રાજા ઉત્તાનપાદ અને રાણી સુરૂચિ બેઠા હતા. અને તેમનો પુત્ર કે જેનું ના ઉત્તમ હતું તે રમતો હતો. એવા સમયે ધ્રુવ પણ ત્યાં આવી પહોંચ્યો અને જ્યાં પિતાના ખોળામાં બેસવા જાય છે ત્યાં તો સૂરૂચિએ નાનકડા બાળક ધ્રુવને ધક્કો મારી હડસેલી દીધો. અને કહેવા લાગી - તું તો સુનિતીનો પુત્ર છે તેથી તને રાજાના ખોળામાં બેસવા નહી મળે. રાજાના ખોળામાં બેસવા માટે તારે મારે ત્યાં જન્મ લેવો હતો. હવે તો ભગવાનનું તપ કરી રાજી કર તો તારી ઈચ્છા પુરી થાય. પોતાના આવા અપમાનથી ધ્રુવનું હૃદય દ્રવી ઉઠ્યું. માતા સુનિતી પાસે જઈને બધી વાત કરી અને જીદ પકડી કે હવે હું વનમાં જઈને ભગવાનનું તપ કરી તેમની પ્રસન્નતા મેળવીશ. ત્યારે માતા સુનિતીએ સમજાવવા પ્રયત્નો કર્યા પણ ધ્રુવ ન માન્યા ત્યારે માતાએ ભગવાનને રાજી કરવા માટે આશીર્વાદ આપી માથે હાથ મુકી વનમાં જવાની પરવાનગી આપી.

નાનો બાળક વનમાં ચાલ્યો જાય છે. કેમ તપ કરવું, કેવી રીતે ભગવાનની ભક્તિ-આરાધના કરવી તેનો ખ્યાલ નહી તેથી ભગવાનને પણ દયા આવી ગઈ. તેમણે નારદજીને આ બાળકના ગુરુ બની સાચો રસ્તો બતાવવાની આજ્ઞા કરી. નારદજીએ ધ્રુવ પાસે આવી તેની દ્રઢતાની પરીક્ષા કરી. ધ્રુવજીની દ્રઢતા જોઈ નારદજીએ યમુના નદીના કાંઠે સુંદર સ્થાનમાં તપ કરવા ધ્રુવજીને મોકલ્યા. નાનકડા બાળક એવા આ ધ્રુવે નારદજીએ બતાવેલી વિધિ મુજબ ભૂખ, તરસ, ગરમી, ઠંડી, વરસાદની ધારા આ બધું સહન કરી ભગવાનના ભજન-ભક્તિ, તપ શરૂ કર્યા. આટલા નાના બાળકની આટલી ભક્તિ અને આવું કઠોર તપ જોઈ પ્રભુ તેના પર પ્રસન્ન થયા અને દર્શન દીધા. તપની શરૂઆત આવેશમાં આવીને કરી હતી પણ ગુરુના સમાગમથી આવેશ બધા શાંત થઈ ગયા હતા. પ્રભુએ દર્શન આપી વરદાન માંગવાનું કહ્યું ત્યારે ધ્રુવજી તો નાના બળક તે શું માંગે ! બસ ભગવાન સામું જોઈ રહ્યાં. ભગવાને આ બાળક પર અતિ પ્રસન્ન થઈ કલ્યાણનું વરદાન આપ્યું અને તેમને ઉત્તર દિશામાં આકાશમાં એક લોક સ્થાપી દીધો તે ધ્રુવ લોક. અને તે ધ્રુવલોકમાં ધ્રુવજીને અવિચળ પદ આપી ત્યાંના રાજા બનાવી દીધા.

(અનુ. પેજ નં. ૨૫ ઉપર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "માનવાથી આગળ વધી જાણવા તરફ જઈ આધ્યાત્મિક તરફ આગળ વધવાનુ છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

દુઃખ આવે ત્યારે રાજી રહેવાનું એમ બધાને કહેવું સહેલું છે. પરંતુ દુઃખ આવે ત્યારે એમ રહેવું અશક્ય છે. કોઈ સુખી છે જ નહિ. એક માણસે ગુરુ પાસે જઈને કીધું કે હું ખૂબ દુઃખી છું. શું કરૂ ? કેવી રીતે જીવું ? તો ગુરુએ કીધું કે એક મુઠ્ઠી મીઠું લાવો અને એક ગ્લાસ પાણીમાં નાખી દીધું પછી કીધું કે પી જાઓ. કેવું લાગ્યું ? તે વ્યક્તિએ કીધું કે બહુ ખારુ લાગ્યું. પછી કીધું કે મારી સાથે એક મુઠ્ઠી મીઠું લઈને આવો અને તળાવમાં મીઠું નાખ્યું અને પછી કીધું કે હવે તળાવનું પાણી પીઓ. કેવું લાગ્યું ? તો મીઠું લાગ્યું. તો કહેવાનો અર્થ છે કે મીઠું એ જ છે. નાનું વાસણ હતું તો ખારું લાગ્યું. મોટા તળાવમાં નાખ્યું તો કાંઈ ફેર ન પડ્યો. તો દુઃખ છે તેને આપણે કઈ રીતે ગ્રહણ કરીએ છીએ તેના પર નિર્ભર છે. આપણી માન્યતા પર છે. આપણે મન પર લઈએ તો નાનું હશે તો પણ મોટું થઈ જશે. મન મોટું રાખવાનું. આપણે બીજાનું સુખ જોઈએ છીએ ને એટલે આપણને એવું લાગે છે. બીજાનું દુઃખ જોઈએ ને તો આપણું દુઃખ ઓછું થઈ જશે. ૨૪ કલાક હસતો માણસ પણ અંદરથી દુઃખી હોય છે. બધું માનવા પર છે. 'માનવું' અને 'જાણવું' એ બંનેમાં ફેર છે. 'માનવું' એ માન્યતા પર આધારિત છે. 'જાણવું' એ આધ્યાત્મિક જ્ઞાન છે. જેનાથી ઉપર ઉઠીને આપણે વિચારી શકતા નથી. તેને આપણે માની લઈએ છીએ. ઉપર ઉઠીને આપણે વિચારીએ તેને જાણવાનું કહેવાય. અને આપણે જે ધાર્મિક પ્રવૃત્તિ કરીએ છીએ તે સ્થૂળ પ્રક્રિયા છે. જેનાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. પરંતુ તેનાથી ઉપર ઉઠીને 'આધ્યાત્મિક' પ્રગતિ માટે પ્રયત્ન કરવાનો છે. અંતરમાં ઉંડા ઉતરીને વિચારવાનું છે તો જ્ઞાન પ્રાપ્ત થશે. ધાર્મિક પ્રવૃત્તિથી આગળ વધીએ તેને 'જાણવું' કહેવાય છે. તો આપણે ખાલી 'માનવું' નથી 'જાણવું' પણ છે. જ્યારે વ્યક્તિ માનવાથી જાણવા તરફ આગળ વધે છે ત્યારે ભક્તિની ગતિ બદલાઈ જાય છે. 'આપણે ભગવાનને જાણવા માટે આવ્યા છીએ.' પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે આપણે શા માટે આવ્યા છીએ ? આપણે જગતને જાણીએ છીએ અને ભગવાનને માની લઈએ છીએ. આપણને આ મનુષ્ય જન્મરૂપી તક મળી છે ત્યારે આપણે ઉંધુ કરીએ છીએ. આપણે જગતની વસ્તુમાં આસક્ત થઈ જઈએ છીએ. 'આ મનુષ્ય જીવન જાણવા માટેનું સાધન છે.' આપણે કોઈ પણ ઓફિસમાં કામ કરવા જઈએ છીએ તો આપણે ગમે ત્યાં કામ કરતા હોય તો ઓફિસની વસ્તુ છે તેને પોતાની નથી માનતા. એ વસ્તુ આપણી નથી પરંતુ તે વસ્તુ માત્ર ઓફિસમાં કામ કરવા પુરતું સાધન છે. તો જ્યારે ઓફિસ છોડીએ છીએ ત્યારે જોડે લઈને નથી આવતા. ખાલી જે જરૂરી પેપર હોય તે જ કાયમ જોડે રાખીએ છીએ બીજી વસ્તુને નથી રાખતા. કેમ કે તે ઓફિસ પુરતી છે. તો આપણે જે રીતે ઓફિસથી જઈએ છીએ એ રીતે જ આપણે આ જગતમાં આવ્યા છીએ. જગતની વસ્તુનો પણ 'મોહ' નહિ રાખવાનો. મોહથી 'બંધન' થાય છે. તેને 'માયા' કહેવાય છે. જેમ ઓફિસમાં સાંજ થાય છે ત્યારે બધું મૂકીને ઘેર આવીએ છીએ તેમ જ્યારે જીવનની સાંજ થશે ત્યારે બધું મુકીને જવું પડશે. જે આપણું છે તે પણ આપણું નથી. આપણા ઘરની નાની એવી વસ્તુ ચમચી, તપેલી, તે પણ સાથે લઈને જવું હોય તો જવાય ખરું ? નહિ, તો પછી દરેક વસ્તુ આપણા જીવનમાં પ્રાપ્ત થઈ છે તે 'જીવન જીવવાનું સાધન માત્ર છે.' માટે ક્યાંય પણ આસક્ત નહિ થવાનું. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને સરસ ઉપાય બતાવ્યો છે તે લીમીટ સમજી લેવાની છે. હું કરું છુ. મારા થકી થાય છે તેવું નહિ રાખવાનું. ભગવાને આપણને 'નિમિત' બનાવ્યા છે. એજ એક રસ્તો છે. સ્વભાવ ટાળવાનો. કેમ કે ? આપણે ઉંચા ઉડવું છે. ઉંડા ઉતરવું છે. આપણે ધાર્મિક

છીએ ધર્મ પાળીએ છીએ. એમ માનીએ છીએ પરંતુ ધર્મમાં પાખંડ અને આડંબર આવી જાય છે. આપણે મંદિર જઈએ, કંઠી પહેરીએ, તિલક-ચાંદલો કરીએ બધું બરાબર પરંતુ માત્ર મંદિર આવવાથી કે પ્રદક્ષિણા કરવાથી અંદરનો ઉકરડો સાફ થઈ જતો નથી. એના માટે તપાસ કરવી પડે. વાંસ વાગે છે ? નથી વાગતો. કેમ કે ? એ ભરેલો છે. એ અંદરના ભરેલા ભાગને આપણે કાઢી દઈએ છીએ ત્યારે એ વાંસળીના માધ્યમથી સંગીતના સુરો રેલાવી શકાય છે. તે અંદરનો કચરો કાઢી નાખીશું તો વાંસળી જેમ સંગીતના માધ્યમથી બીજાને આનંદ આપે છે તેમ આપણે પણ પોતાને પણ આનંદ આપી શકીશું અને બીજાને પણ આનંદ આપી શકીશું. આ મનુષ્ય દેહ 'આદિ' પણ છે અને 'અંત' પણ છે. ભગવાન ઓળખાઈ ગયા અને આગળ વધી ગયા તો 'મનુષ્ય જીવન એ અંત છે.' અને આવું મનુષ્ય જીવનરૂપી સાધન મળ્યું છતાં ભગવાન ન ઓળખાયા અને પતન તરફ ગયા તો પાછું ચોર્યાસીમાં ફરવુ પડશે. તો 'મનુષ્યજીવન 'આદિ' પણ છે'. તો શું કરવું તે આપણા હાથની વાત છે. આપણે માનવાથી આગળ વધી 'જાણવા' તરફ જઈ 'આધ્યાત્મિક' તરફ આગળ વધવાનું છે.

આ જગતના લોકો 'શ્રી નરનારાયણદેવ' ભરતખંડના રાજા છે તેમ સાંભળે છે. વિચારે છે. પણ અહીંયા સુધી આવી શકતા નથી. આપણે ધારીએ એટલું અહીંયા બેસી શકીએ છીએ. અહીંયા કેટલી બધી શાંતિ છે. આખો દિવસ ભજન  કરી શકીએ એમ છીએ. આપણો જ વાંક છે. મફતમાં જે વસ્તુ મળે છે તેની કિંમત નથી કરી શકતા. પરોક્ષના મંદિરમાં કેવું હોય છે. અને અહીંયા કેવું વાતાવરણ હોય છે. કાયમ દર્શન ખુલ્લાં જ હોય છે. પણ આપણને એમ થાય છે પછી જઈશું. આપણને જે મળ્યું છે તેનો કેફ રાખવાનો છે. શરીરનો સદ્‌પયોગ કરવાનો છે. આપણે ધ્યાન રાખવાનું છે. આપણે ભવસાગરમાં જ છીએ. હજી પાર ઉતર્યા નથી. આ 'ભવસાગર' પાર કરતા ધ્યાન રાખવાનું છે કે રસ્તામાં એવી કોઈ વસ્તુ ન મળી જાય જે આપણને પાછા લાવે. તો મહારાજ આપ સૌને ઊંડા ઉતરવા માટે 'સુઝ' આપે શક્તિ આપે તેવી 'શ્રી નરનારાયણદેવ'ના ચરણોમાં પ્રાર્થના.

●

## માતા-પિતાનો મહિમા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આપણે ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત છીએ. એટલે કે આપણે ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા છીએ. તેથી આપણા દરેક કર્મ ભગવાન શ્રી સ્વામિનારાયણને રાજી કરવાના હોય છે. સ્વામિનારાયણ ભગવાને આપણને શિક્ષાપત્રી લખીને આપી છે. તેથી આપણે આપણું જીવન શિક્ષાપત્રી અનુસાર જ જીવવું જોઈએ. તો જ સુખી થવાય છે. સુખ જોઈતું હોય તો શિક્ષાપત્રીની ૨૧૨ આજ્ઞા છે. તેમ વર્તવું જોઈએ. કહેતા આજ્ઞામાં રહેવું જોઈએ. જેટલી આજ્ઞાનો લોપ થાય તેટલું દુઃખ થાય છે. માટે શિક્ષાપત્રીની આજ્ઞા અનુસાર જ જીવવું જોઈએ.

આજે આપણે શિક્ષાપત્રી શ્લોક નં. ૧૩૯ ની વાત કરીએ. આ શ્લોકમાં સ્વામિનારાયણ ભગવાન આપણને આજ્ઞા કરે છે કે, 'અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરૂ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા તે જીવંત પર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.'' આથી આપણે બધાએ એ ન્યાયે આપણે આપણા ઘરથી જ શરૂઆત કરવી જોઈએ.

આપણે આપણા માતા-પિતાને કોઈપણ કારણસર દુભાવવા જોઈએ નહિ. તેમજ ક્યારેય માતા-પિતા તેમજ ગુરૂના છિદ્રો જોવા નહિ. માતા-પિતા રાજી થાય તે માટે એમની આજ્ઞામાં રહેવું.

અષ્ટાવક્ર મુનિ મહાન ઋષિ થઈ ગયા. તેઓ જ્યારે તેમની માતાના ઉદરમાં હતા તે વખતે તેમના પિતાશ્રી સંસ્કૃતમાં કેટલીક વેદ શ્રૃતિઓ બોલતા હતા. તે વખતે અષ્ટવક્ર મુનિના પિતાની એક શ્લોક બોલવામાં ભૂલ થઈ આથી માતાના ઉદરમાંથી અષ્ટાવક્રમુનિ બોલ્યા, ''હે પિતાજી તમે આ શ્લોકનો ઉચ્ચાર ખોટો કર્યો.'' આ વાત સાચી હતી. છતાં અષ્ટાવક્ર મુનિના પિતાને દુઃખ થયું. તેના પરિણામ સ્વરૂપે જ્યારે મુનિ જન્મયા ત્યારે તેમના શરીરના આઠ અંગો વાંકા થઈ ગયા. આથી તેમનું નામ અષ્ટાવક્ર પડ્યું. માટે વ્હાલા ભક્તો ક્યારેય પિતાના ભૂલની પણ ટીકા કરવી નહી. નહિ તો અષ્ટાવક્રમુનિની માફક આપણને પણ પાપ લાગશે.

જ્યારે બ્રહ્માજી તેમની પુત્રી સરસ્વતી પાછળ કામ ભાવે દોડ્યા તો શાસ્ત્રમાં તેમની ટીકા થઈ. પરંતુ તેમના સો પુત્રોએ જ્યારે તેમના પિતા બ્રહ્માની ટીકા કરી ત્યારે તેમને પણ પાપ લાગ્યું હતું. જેથી બ્રહ્માના સોએ સો પુત્રોને રાક્ષસ પણું પ્રાપ્ત થયું હતું. માટે ક્યારેય પણ પિતાની ભૂલ સાચી હોય તો પણ ટીકા કરવી નહીં. નહિતો બ્રહ્માના પુત્રોની માફક તમને પણ પાપ લાગશે.

ભિષ્મ પિતામહ જ્યારે તેમની સાવકી માતા મતસ્યગંધા સત્યવતીને એકાંતમાં આધ્યાત્મિક વાર્તા સંભળાવતા હતા ત્યારે સત્યવતી માતાના બંને પુત્રોએ (ચિત્રાંગદ અને વિચિત્ર વિર્ય) છાના માનાં શંકાની નજરે ચોરી છુપીથી જોયું. સાંભળ્યું ત્યારે તેમને ખબર પડી કે મોટાભાઈ ભીષ્મ પિતામહ તો માતાજીને એકાંતમાં આધ્યાત્મિક વાર્તા કહે છે. છિદ્રો જોવાથી બંને ભાઈઓને પાપ લાગ્યું. આથી ઋષિઓએ ચિત્રાંગદને ક્ષય રોગ આપ્યો અને તે મરણ પામ્યો. અને વિચિત્રવિર્ય ને પીપળાના બખોલમાં જીવતા સળગી મરવું પડ્યું હતું. માટે વ્હાલા સત્સંગી ભક્તો, ક્યારેય માતાના છિદ્રો જોશો નહિ. નહિ તો ચિત્રાંગદ અને વિચિત્રવર્યની માફક પાપ લાગશે.

શ્રી વ્યાસ ભગવાને શ્રીમદ્ ભાગવત્ સ્કંધ ૯ ના અધ્યાય-૧૮ ના શ્લોક ૪૩/૪૪ માં જણાવેલ છે કે, ‘‘આ શરીરને ઉત્પન્ન કરનાર પિતાના ઉપકારનો બદલે વાળવા આ લોકમાં ક્યો પુરૂષ સમર્થ છે ? પિતાની કૃપા વડે પરમેશ્વરને પણ પામી શકે છે. પિતા મનમાં વિચાર કરે તેટલામાં જ પિતાનું કાર્ય જે પુત્ર કરે તે ઉત્તમ કહેવાય. પિતા કહે ને પછી કરે તે પુત્ર મધ્યમ કહેવાય અને પિતા કહે તે પછી પણ અશ્રદ્ધાથી કરે તે પુત્ર કનિષ્ઠ-અધમ કહેવાય. અને કહ્યા છતાં જે પુત્ર ન કરે તે પુત્ર તો પિતાની વિષ્ટા જ છે.’’

શ્રીવ્યાસ ભગવાને શ્રીમદ્ ભાગવત સ્કંધ-૧૦ ના અધ્યાય-૪૫ ના શ્લોક ૫-૬-૭ માં લખ્યું છે કે ‘જેઓથી સર્વ પુરૂષાર્થોને ઉત્પન્ન કરનારૂં આ શરીર ઉત્પન્ન થાય છે. અને પોષાય છે, તે માતા-પિતાના ઉપકારનો બદલો મનુષ્ય સેંકડો વર્ષોના આયુષ્યથી પણ વાળી શકતો નથી. જે પુત્ર શરીર અને ધનથી સમર્થ હોવા છતાં માતા-પિતાને આજીવિકા આપતો નથી તેના મરણ પછી પરલોકમાં તેને તેનું પોતાનું જ માંસ યમદેવના દુતો ખવડાવે છે. જે મનુષ્ય પોતે સમર્થ હોવા છતાં માતાનું-પિતાનું, કોઈ વૃદ્ધ કુટુંબીનું, સતી સ્ત્રીનું, બાળક-પુત્રનુ, ગુરૂનું, બ્રાહ્મણનું ને શરણાગતનું પોષણ કરતો નથી તે જીવતા મરેલો છે.’’

જ્યારે માતા-પિતા ભૌતિક દેહ આપે છે ત્યારે જ પરમાત્મા તેમાં પ્રાણ પૂરે છે. તેથી પરમાત્માને પામવા માટે પ્રથમ માતા-પિતાને રાજી રાખવા જોઈએ.

જે માતા-પિતાએ બાળકને નાનપણમાં સુખ દુઃખ વેઠી ઉછેર્યા, લાડ-લડાવ્યા, સાજા-માંદે અંતરના ભાવથી સેવા કરી, ભણાવ્યા ગણાવ્યા ને પરણાવ્યા એ માતા-પિતાને કેટલાક દીકરાઓ તેમને વૃદ્ધાવસ્થામાં તરછોડી દે છે. જુદાં પડી તેમની સેવા કરતા નથી. તેમની દરકાર સંભાળ રાખતા નથી અને મનમાંને મનમાં મૂંઝાતા માતા-પિતાને ગમે તેની સહાય માંગવી પડે કે અંતે વૃદ્ધાશ્રમનો આશરો લેવો પડે તે કેટલું દુઃખદ છે ?

માતા-પિતાનો સ્નેહ ભર્યો ઉપકાર ભૂલી જઈ તેમને તરછોડનારને ભગવાન પણ તેનાથી દૂર થઈ જાય છે. ભગવાન કહે છે કે આવા કૃતઘ્ની માણસો મને જરાય ગમતા નથી.

પશ્ચિમની દુનિયાનો એક મહાન સંત જેનું નામ હતું ગુર્જિયેફ, આ ગુર્જિયેફ પાસે સૌ ઉપદેશ સાંભળવા આવતા. એમના આશ્રમની દિવાલો ઉપર જાતજાતના ઉપદેશો લખ્યા હતા. આશ્રમમાં પ્રવેશનારને તરત આંખે ચઢે તે રીતે એક ઉપદેશ વાંચવા મળતો. એમાં લખ્યું હતું કે ‘‘જેઓ માતા-પિતાને આદર આપતા નથી એમના માટે પરમાત્માના મંદિરના દ્વાર સદાયને માટે બંધ રહે છે. માટે માતા-પિતાને દુઃખી ન કરવા. તેમની સેવા કરીને રાજીપો મેળવવો. આપણી હિન્દુ સંસ્કૃતિમાં છે જે માતૃભવ, પિતૃભવ, આ સુવાક્યને જીવનમાં ઉતારવું.

●

## ‘સત્સંગનો પ્રતાપ’

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ગામ હામાપરમાં લાલદાસ નામના એક વાણીયા હતા. ખેતીવાડી કરે. ખેતીમાંથી જે આવક થાય તેમાંથી દશમો ભાગ ગઢપુરમાં ગોપીનાથજી મહારાજને અર્પણ કરે. અખંડ ભગવાનનું ભજન કરે. આપણું હૃદય છે તે પ્રભુને રહેવાનું ઘર છે. વેપારીનું મન અને લોભીયાનું મન દ્રવ્યાકાર થયેલું હોય છે. તેથી તેને સ્વપ્નમાં પણ રૂપિયા જ દેખાય છે. એવી રીતે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનમાં થાય તો તેની નજર આગળ ભગવાન સદાય દેખાયા જ કરે. આપણી વૃત્તિ બ્રહ્માકાર થવી જોઈએ તો જન્મ સફળ થાય.

ખેતરમાં ઘઉં સારા થયા. ભગવાન અર્થે ધર્માદાના બે

કોથળા ભર્યા. આખો દિવસ ખેતરમાં મહેનત કરવાથી લાલદાસભાઈ તથા કુટુંબ પરિવારને ઊંઘ આવી ગઈ. રાત્રે ચોર આવ્યા. જ્યાં ધર્માદાના ઘઉંનો કોથળો ઉપાડવા જાય ત્યાં 'મા' એવો શબ્દ થયો. ચોર.... નવાઈ પામી ગયો. કોણ બોલ્યું.... આડું અવળું જોયું તો કોઈ દેખાતું નથી. એમ બે વખત લેવા જતી વખતે શબ્દ થયો. છતાં પણ ચોર ધર્માદાના ઘઉંના કોથળા લઈ ગયા. હવે શું કરવું ?

શ્રીજી મહારાજે ચોરની પત્નીને દર્શન દીધાં. પીળું પીતાંબર, માથે મુગટ વૈજયન્તી માળા, કાને કુંડળ, હાથમાં છડી છે. શ્વેત પ્રકાશ મધ્યે પ્રભુ પ્રગટ થયા. બોલ્યા બહેન શું કરો છો ? મહાપ્રભુ હું સૂતી છું. તમને ચેતવણી આપવા આવ્યા છીએ. તમારા પતિ અમારા ધર્માદાના ઘઉં ચોરી ને લઈ આવ્યા છે. ચોરીનું અનાજ ખાશો તો બુધ્ધિ ભ્રષ્ટ થશે અને જમપુરીમાં જમનો માર ખાશો. માટે ચેતી જાવ.

સ્ત્રીએ પોતાના પતિને કહ્યું ચોરી કરીને ઘઉં લાવ્યા છો ..... ! જાવ, જલ્દી જ્યાં હતા ત્યાં પાછા મૂકી આવો. નહિતર હું રોટલા નહિ ઘડી દઉં ને હું પણ નહિ જમું. લૂંટફાટ કરીને દ્રવ્ય લાવશો તો તે હક્કના દ્રવ્યને પણ ઉપાડી જશે.

ચોર કોથળા લઈને લાલદાસ ભક્તને ઘેર આવ્યા. અમારી ભૂલ થઈ છે. તમારા ઘઉં અમે લઈ ગયા હતા. તે લઈ લ્યો. બે હાથ જોડી માફી માંગી. લાલદાસ ભક્ત ચોરને ઉપદેશ આપે છે.

**'ક્ષણભંગુર આ દેહ વડેથી,**
**અવિનાશી ફળ લેવું જી !**
**દેહ ધર્યો તે સુખ દુઃખ આવે,**
**તેને વેઠી લેવું જી.'**

આ શરીર કાચી માટીનાં કુંભ જેવું છે. અંતે ધૂળ ભેળું ધૂળ થઈ જશે. જીવ સંગાથે કેવળ પાપ અને પુણ્ય જાય છે. ચોર્યાસી લાખ ચક્કરમાં જીવાત્મા ફરી ચૂક્યો છે.

આ ક્ષણભંગુર શરીરથી હરિભજન કરી લેવું જોઈએ. વગેરે ઉપદેશ આપ્યો. સત્ય શબ્દો ચોરના હૃદયમાં સ્પર્શી ગયા. અંતરનું અજ્ઞાન દૂર થયું. સાચી સમજણ આવી ગઈ. ચોરની વૃત્તિ સત્સંગથી બદલાઈ ગઈ. આ છે સત્સંગનો પ્રતાપ. પછી લાલદાસ ભક્ત ધર્માદાના ઘઉં ગઢપુર ગોપીનાથજી મહારાજને અર્પણ કરી આવ્યા. ભગવાનના થઈને રહે છે તેની ભગવાન સદાય રક્ષા કરે છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં હિંડોળા દર્શન**

શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ભવ્ય હિંડોળા દર્શન થશે. જેમાં ડ્રાયફ્રુટ, ફુલ, અને ફ્રુટ આદિના અલૌકિક હિંડોળા થશે. ભાવિક ભક્તોએ હિંડોળા દર્શનનો અવશ્ય લાભ લેવો. હિંડોળાની સેવા માટે કોઠાર ઓફિસમાં સંપર્ક કરવો.

(અનુ. પેજ નં. ૨૧ નું ચાલુ)

બેટા ! એટલા માટે ધ્રુવનો તારો ઉત્તર દિશામાં સદાય સ્થિર રહી ચમકે છે. અને ભક્તધ્રુવની ભગવાન પ્રત્યેની ભક્તિની દૃઢતાની સાક્ષી પૂરે છે. બેટા ! વળી આ આખ્યાન આપણને બે-ત્રણ બોધ આપી જાય છે. એક તો એ કે ભલે આપણું અપમાન કરીને પણ જે આપણને ભગવાનનો માર્ગ બતાવે તો તે આપણા શત્રુ નહીં પણ સાચા મિત્ર છે. સુરૂચિએ ધ્રુવજીને ધક્કો મારી તપ કરવાનો માર્ગ બતાવ્યો તો ધ્રુવજીને આવા મોટા પદની પ્રાપ્તિ થઈ. બીજી વાત એ છે કે ભગવાનની ભક્તિ કરી ભગવાનની પ્રાપ્તિ કરવા માટે ગુરુની આવશ્યકતા છે. જો નારદજી મળ્યા તો ધ્રુવજી નિષ્ઠાથી ભક્તિ કરી પરમાત્માને પામી શક્યા. અને ત્રીજી વાત એ કે ભગવાન રાજી થાય અને માગવાનું કહે પણ જો નહી માગીએ તો ઠાકોરજી આપણી અપેક્ષાથી પણ અનેકગણું આપશે. જેમ કે ધ્રુવજીએ કાંઈ ન માંગ્યું તો આવા મોટા પદની પ્રાપ્તિ તેમને થઈ.

બાળમિત્રો ! જોયું ને દાદાજીએ કેવી સુંદર વાત કરી. ધ્રુવની જેમ આપણે પણ જો નાનપણથી જ ભગવાનની ભક્તિ કરીશું તો ભગવાનની પ્રસન્નતા અને સાચા સુખના અધિકારી થઈશું.

એટલા માટે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આ સત્સંગમાં એવી અજોડ રીત સ્થાપી છે કે આ સંપ્રદાયમાં નાનો બાળક હોય ત્યારથી ભગવાનની પૂજા-ભક્તિ વગેરે કરે છે. તો મિત્રો ! તમે પણ જો દરરોજ સવારે પૂજા ન કરતા હો તો આજથી શરૂ કરી દેજો હોને....

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''ભગવાનનું ધ્યાન કરતે થકે મનને વિષે અનેક પ્રકારના ભૂંડા ઘાટના તરંગ ઉઠવા માંડે જેમ સમુદ્રના મોટા મોટા તરંગ ઉઠે તેમ ભૂંડા ઘાટ ઉઠવા લાગે ત્યારે તે ઘાટને કેમ ટાળવા ?''

પ્ર. ૨ ''અને તે ઈશ્વર તે ક્યા તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે ?'' - શિક્ષાપત્રી શ્લોક જણાવો.

પ્ર. ૩ 'સ્વામિનારાયણ નામની જપો માળા રે સર્વે અંગ સંભાળી રૂપાળાં.... (સ્વામિ.) - શ્રીજી મહારાજની મૂર્તિને નિહાળી માળા ફેરવતા ફળ મળે તેનું વર્ણન કરતા પદની રચના કોણે કરી છે ?

પ્ર. ૪ શ્રીજી મહારાજ વડતાલમાં સુતારના ઘરે ઉતર્યા હતાને તળાવને સામે કાંઠે આંબલો હતો ત્યાં સભા કરીને બિરાજ્યા હતા ત્યારે ગામ બુધેજના દરબાર હઠીભાઈ તથા તેના બે દીકરા અને મોરજના ગોકળ ગઢવી સહિત વડતાલ આવતા હતા ત્યારે રસ્તામાં શું સંકલ્પ કર્યો ?

પ્ર. ૫ ભગવાન પોતાના ભક્ત ઉપર ક્યે ગુણે કરીને રાજી થતા હશે ?

પ્ર. ૬ નાગડકામાં સ્વરૂપાનંદ સ્વામી દેશમાંથી ફરીને આવ્યા એટલે શ્રીજી મહારાજે પૂછ્યું કે ''કેટલાક જીવનાં કલ્યાણ કર્યા ?'' તો સ્વામી કહે ''મનુષ્ય તો લીમડી કે નીચે દેખા હૈ.'' ત્યારે સર્વે સંતે મહારાજને પૂછ્યું, ''સ્વામીએ મનુષ્ય દેખ્યા નહિ ત્યારે કલ્યાણ કેવા કર્યા હશે ?'' ત્યારે શ્રીજી મહારાજે શો ઉતર આપ્યો ?

પ્ર. ૭ મનુષ્ય લોકથી યમપુરીનો રસ્તો કેટલો લાંબો એટલે કે દૂર છે ?

## જૂન-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સુખને કરે તે શંકર. (૨) ભગવાન હોય તેના બે ચરણમાં ઉધ્વરેખા સહિત સોળ ચિન્હ હોય - પ્રભુના શરીરની છાયા દેખાય નહી. (૩) અમરેલી. (૪) પૂર્વ, વ્રજ, માળવા, મારૂ, પંજાબ, ગુજરાત, દક્ષિણ, મલબાર, તેલંગ, દ્રવિડ, બારમલાર, સોરઠ, અર્ધો કચ્છ. (૫) પ.ભ. રાણા રાજગર, પ્રહલાદની. (૬) ''મહારાજ તમારુ વાવેલું ખેતર સારું નહિ ઉગે તો બીજા કોનું ઉગશે.....'' (૭) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી

| | | | |
|---|---|---|---|
| ૧ | સાં.યો. ભારતીબા-મંજુબા (સ્વા. કાલુપુર હવેલી) | ૧૬ | ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર) |
| ૨ | સાં.યો. બહેનો (ધ્રાંગધ્રા) | ૧૭ | ડાભી મફાજી સરદારજી (ડાંગરવા) |
| ૩ | સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર) | ૧૮ | પટેલ વલ્લભભાઈ શિવાભાઈ (સોજા) |
| ૪ | રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઊંઝા) | ૧૯ | કોકીલાબેન બાબુભાઈ પટેલ (સાબરમતી) |
| ૫ | રીટાબેન જયેશકુમાર ઠક્કર (વસ્ત્રાપુર) | ૨૦ | ગોરધનભાઈ વાલજીભાઈ સીતાપરા (બાપુનગર) |
| ૬ | સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા) | ૨૧ | જોલાપરા શોભના કે. |
| ૭ | સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ) | ૨૨ | ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ પટેલ (રાણીપ) |
| ૮ | ઠક્કર પારૂલબેન યોગેશભાઈ (વસ્ત્રાપુર) | ૨૩ | દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર) |
| ૯ | પટેલ અમિતાબેન જીજ્ઞેશભાઈ (અંબાપુર) | ૨૪ | કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર) |
| ૧૦ | પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર) | ૨૫ | પલ્લવીબેન આર. સોની (સુરેન્દ્રનગર) |
| ૧૧ | પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા) | ૨૬ | પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા) |
| ૧૨ | પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝૂલાસણ) | ૨૭ | પટેલ બળદેવભાઈ લાલદાસ (ઝુલાસણ) |
| ૧૩ | સંગીતાબેન મનોજભાઈ પટેલ (અંબાપુર) | ૨૮ | જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા) |
| ૧૪ | પટેલ સંગીતા અરૂણભાઈ (અંબાપુર) | ૨૯ | ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (ઝુલાસણ) |
| ૧૫ | રંજનબેન કાનજીભાઈ વસોયા (જશોદાનગર) | ૩૦ | ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા) |

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા ઋષિકેશમાં કથા પારાયણ

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા રાજાધિરાજ હિમાલયની ગોદમાં મહાપવિત્ર ભાગીરથી ગંગા નદીના પવિત્ર સાનિધ્યમાં ઋષિકેશમાં પવિત્ર સ્થાન પર અલૌકિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું તા. ૨૩-૬-૧૭થી ૨૯-૬-૨૦૧૭ દરમ્યાન સુંદર ભવ્ય આયોજન સંપન્ન થયું. જેના વક્તાપદે સંપ્રદાયના યુવાન વિદ્વાન કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના મુખે સંગીતના મધુર તાલે હજારો શ્રોતાજનોએ ગંગા નદીના તટ પર અલૌકિક કથાનું શ્રવણ કરી જીવન ધન્ય બનાવ્યું.

આ સમગ્ર વ્યવસ્થામાં સ.ગુ. કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર), શા. દિવ્યપ્રકાશ સ્વામી (નારાયણઘાટ, પ.ભ. જયરામભાઈ કાનાણી, જીગર ભાવસાર, અશ્વિનભાઈ, રમેશભાઈ કોઠારી, પ.ભ. દાસભાઈ આદિ રહ્યાં હતા.

આ પ્રસંગ પૂજયનીય બ્રહ્મનિષ્ઠ સંતોમાં પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર), પૂ.પી.પી. સ્વામી (ગાંધીનગર), બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, મુકુંદ સ્વામી (મહંતશ્રી હરિદ્વાર) આદિ ધામોધામના સંતો પધાર્યા હતા.

સમગ્ર પ્રસંગમાં કથા પારાયણના યજમાન પ.ભ. જશવંતભાઈ કાંતિલાલ મોદી, અ.સૌ. સુશીલાબેન જસવંતલાલ મોદી પરિવાર, ધર્મકુળ પૂજનના યજમાન પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ દોંગા પરિવાર તથા સંત પૂજનના યજમાન પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ પરિવાર તથા આ પ્રસંગે ઠાકોરજીના થાળ સંત-હરિભક્તોની રસોઈમાં ઘણા હરિભક્તોએ સેવા કરી હતી. આ પ્રસંગમાં ૬૦૦ જેટલા હરિભક્તોએ ઉપસ્થિત રહી પ્રસંગને ભરપૂર માણ્યો. અને તેમના જીવનનું અલૌકિક સભારણું બની રહ્યું. કથા દરમ્યાન સભા સંચાલન શા.સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું.

(કોઠારી શા. મુનિ સ્વામી - કાલુપુર)

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીમદ્ભાગવત સપ્તાહ

